સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક






વર્ષ : ૪૮ અંક : ૨૫૧ જૂનાગઢ તા.૦૪-૧૦-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 251, Junagadh : Date : 04 October, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## યુધ્ધથી મોંઘવારી ફાટી નીકળશે : ક્રુડ - સોનુ મોંઘા બન્યા - રૂપિયો, શેરબજાર ગગડયા




મુંબઈ તા. ૪

મધ્યપૂર્વમાં સર્જાયેલા તનાવની પ્રતિકુળ અસર ભારતીય શેરબજાર પર પડી છે અને ગઈકાલે છેલ્લા ત્રણ વર્ષનો સૌથી મોટો સિંગલ ડે કડાકો નોંધાયો પણ આંતર રાષ્ટ્રીય ચલણ બજારમાં તે રીતે ડોલર અને અન્ય મજબુત કરન્સી સામે રૂપિયો જે રીતે ગગડી રહ્યો છે તેનાંથી ભારતના આયાતકારોની ચિંતા વધી છે. ગઈકાલે રૂપિયો પ્રતિ ડોલર ૮૩.૯૩ ની સપાટીએ પહોંચ્યો જે છેલ્લા બે માસનો સૌથી મોટો ઘટાડો હતો.ક્રુડતેલનાં ભાવ પણ નીચા જવા લાગ્યા છે અને તેમાં રૂપિયો પણ ગગડતા સૌ પ્રથમ ક્રુડતેલની આયાત વધુ મોંઘી થશે તો સોનાને મોંઘુ બનાવવામાં પણ રૂપિયાની વધુ નેગેટીવ ભૂમિકા મહત્વની બની રહેશે.

દિવાળીનાં તહેવારો સમયે તેથી હવે ફૂગાવો ફરી ઉંચો જશે અને મોંઘવારી વધી શકે છે અને તેથી હાલનાં રેડ-કટથી આગામી દિવસોમાં જે રીતે ભારતમાં વ્યાજદર ઘટવાની આશા હતી તેના પર પણ પાણી ફરી વળશે. જો મધ્યપૂર્વનું યુદ્ધ વધુ લાંબુ ચાલે તો ભારતની ચિંતા વધી જશે. વ્યાજદરમાં ઘટાડાની આશા પર પણ પાણી ફરી વળી શકે છે. ગઈકાલે રૂપિયો અમેરીકી ડોલર સામે ૧૪ પૈસા તૂટીને ૮૩.૮૨ ની સપાટીએ પહોંચ્યો હતો.તે રૂપિયો ૮૪ ની સપાટી પણ તોડીને વધુ સસ્તો બને તો રીઝર્વ બેંકને દરમ્યાનગીરી કરવી પડશે.

તો બીજી તરફ વિદેશી સંસ્થાકીય રોકાણકારો પણ શેરબજારમાંથી નાણા પાછા ખેંચી રહ્યા છે તેથી માર્કેટમાં પણ કડાકા ભડાકા થયા છે.બ્રેન્ટ ક્રુડ જે ભારતીય બાસ્કેટનું ક્રુડ ગણાય છે તે પ્રતિ બેરલ ૭૫.૪૨ ની સપાટીએ પહોંચી ગયુ જે દ્વારા ઓઈલ માર્કેટીંગ કંપનીઓનું સરેરાશ લેવલ છે.

અહીથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારા-ઘટાડા મુદ્દે નિર્ણય લે છે. જોકે હાલમાં ૭૦ ડોલરથી પણ નીચે ભાવ ગયા છતા પણ પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડાયા નહી તે પણ સવાલ છે.

## ૧૨ લાખ રેલ્વે કર્મચારીને ૭૮ દિવસનું બોનસ મળશે

નવી દિલ્હી તા. ૪

દિવાળી પહેલા રેલવે કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ મળશે. ગઈકાલે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે સરકારે રેલવે કર્મચારીઓ માટે ૨૦૨૯ કરોડ રૂપિયાના પ્રોડક્ટિવિટી લિંક્ડ બોનસને મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે આ જાહેરાતથી ૧૧,૭૨,૨૪૦ રેલવે કર્મચારીઓને ફાયદો થશે. સરકારે પ્રધાનમંત્રી-રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (સ્-ઈદ્બફરૂ) અને કૃષોન્નતિ યોજનાને પણ મંજૂરી આપી છે. આ માટે ૧,૦૧,૩૨૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી.

## ઉત્તરપ્રદેશમાં ભયાનક અકસ્માત : ૧૦નાં મોત

મિર્ઝાપુર, તા.૪: યુપીના મિર્ઝાપુરમાં ગત મોડી રાત્રે ભયંકર અકસ્માત સર્જાયો હતો જેમાં ભદોહી જિલ્લામાંથી ૧૩ લોકોને લઈને બનારસ જઈ રહેલા એક ટ્રેક્ટરને એક બેકાબૂ ટ્રકે પાછળથી ફંગોળી નાખ્યું હતું. આ ગંભીર અકસ્માતમાં ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘાયલોને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતકોમાં મોટાભાગના લોકો શ્રમિકો જ હોવાની જાણકારી મળી રહી છે.

## ડાયાબીટીસનાં દર્દીઓને ઈન્સ્યુલીનથી છૂટકારો મળવાની આશા



નવી દિલ્હી,તા.૪

ટાઈપ વન ડાયાબીટીસનાં ભોગ બાળકો અને વયસ્ક લોકો થઈ જાય છે અને તેમાં અનેકને પુરી જીંદગી ઈન્સ્યુલિન પર નિર્ભર રહેવુ પડે છે.હવે રાહતની વાત એ છે કે તેમને આવનારા દિવસોમાં ઈન્સ્યુલીનથી છૂટકારો મળી શકે છે. ચીનના વૈજ્ઞાનિકોએ પોતાના અભ્યાસમાં દાવો કર્યો છે કે સેલ ટ્રાન્સપ્લાંટથી ટાઈપ વન ડાયાબીટીસનાં એક દર્દીને ઠીક કરવામાં સફળતા મળી છે જે ભવિષ્યમાં ટાઈપ વનના બધા દર્દીઓને ઈુસ્યુલીનથી છૂટકારો આપી શકે છે. ભારતીય ડોકટરો પણ આ સ્ટડીને ભવિષ્યની એક આશા માને છે.

## યુવાનોને દર મહિને રૂા. ૫ હજાર સ્ટાયપેન્ડ મળશે સરકારે પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ સ્કીમ શરૂ કરી

નવી દિલ્હી, તા.૪: યુવાનોને રોજગારીયોગ્ય બનાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્ર સરકારે પ્રાયોગિક ધોરણે પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ, ઈન્ટર્નશિપ માટે પસંદ કરાયેલા યુવાનોને માસિક રૂ. ૫,૦૦૦ની નાણાકીય સહાય મળશે. આ યોજનાનો પ્રસ્તાવ નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં કર્યો હતો. યોજના હેઠળ યુવાનોને ભારતની ટોચની ૫૦૦ કંપનીઓમાં ઈન્ટર્નશિપ કરવાની તક મળશે. આ યોજનાનો ઉદ્દેશ્ય પાંચ વર્ષના સમયગાળામાં ૧ કરોડ યુવાનોને ઈન્ટર્નશિપની તકો પૂરી પાડવાનો છે.

આ ઉપરાંત, તેમને ઈન્ટર્નશીપમાં જોડાવા માટે રૂા. ૬,૦૦૦ ની એક વખતની નાણાકીય સહાય આપવામાં આવશે અને ત્યારબાદ એક વર્ષ માટે દર મહિને રૂ. ૫,૦૦૦ ની નાણાકીય સહાય આપવામાં આવશે. ઈન્ટર્નશિપ ૧૨ મહિના માટે હશે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે ચાલુ નાણાકીય વર્ષમાં ૧.૨૫ લાખ ઈન્ટર્નશિપની તકો પૂરી પાડવાની યોજના છે. ૮૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

## દેશભરમાં સૌરાષ્ટ્ર - કચ્છ સૌથી વધુ વરસાદ ધરાવતો વિસ્તાર બન્યો



અમદાવાદ,તા.૪

ગુજરાતમાંથી નૈઋત્ય ચોમાસુ પાછુ ખેંચાઈ ગયાનું હવામાન વિભાગે જાહેર કર્યુ છે ચાલુ વર્ષે રાજયને ધમરોળનારા મેઘરાજાએ સરેરાશ કરતા ૮ ટકા વધુ વરસાદ વરસાવ્યો છે. વિદાય પામેલા નૈઋત્ય ચોમાસાના મુખ્ય પાસાઓ વિશે હવામાન વિભાગે રીપોર્ટ જારી કર્યો છે. તેમાં એમ કહેવાયું છે કે ગુજરાતે સીઝન દરમ્યાન ૬૬ દિવસ અતિભારે વરસાદના બનાવોનો અનુભવ કર્યો હતો. સમગ્ર ભારતમાં અતિભારે વરસાદના દિવસોની સંખ્યા ૩૦૦ નોંધાઈ છે તે દ્રષ્ટિએ તેમાંથી અતિભારે વરસાદની ૨૦ ટકા ઘટના માત્ર ગુજરાતમાં જ નોંધાઈ હતી. હવામાન વિભાગે સ્પષ્ટ કર્યુ કે અતિભારે વરસાદના દિવસે નહીં પણ ઘટનાઓને ગણતરીમાં લેવાય છે. એક જ દિવસમાં એકથી વધુ ઘટનાઓ પણ બની હતી.

દેશના તમામ સબ ડીવીઝનોમાંથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ સરેરાશ કરતા ૭૫ ટકા વધુ વરસાદ નોંધાયો હતો.બીજા ક્રમે પશ્ચિમ રાજસ્થાનમાં સરેરાશ કરતાં ૭૨ ટકા વધુ તથા પૂર્વીય રાજસ્થાન સરેરાશ કરતાં ૪૭ ટકા વધુ વરસાદ સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું. રીપોર્ટમાં એમ દર્શાવાયું છે કે જુલાઈ માસમાં અતિભારે વરસાદની ૧૨ ઘટના બની તે મોટાભાગે સૌરાષ્ટ્રમાં હતી. ઓગસ્ટમાં આવી ૫૦ ઘટના કચ્છ-સૌરાષ્ટ્ર તથા મધ્ય-દક્ષિણ ગુજરાતમાં બની હતી. સપ્ટેમ્બરમાં આવી ચાર ઘટના મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં નોંધાઈ હતી.

ગુજરાત હવામાન વિભાગના વડા અશોકકુમાર દાસે કહ્યું કે, અતિભારે વરસાદ વરસવા પાછળ અનેકવિધ કારણો જવાબદાર છે. સરેરાશ કરતાં વધુ વરસાદ ધરાવતા રાજયોમાં ગુજરાત મોખરે છે. આ વર્ષે બંગાળની ખાડી સતત રૌદ્ર સ્વરૂપ પકડતી રહી હતી. લો-પ્રેસરની ૧૪ અને ડીપ્રેસનની ૧૪ સીસ્ટમ બની હતી તે મોટાભાગે ઉતર પશ્ચિમ દિશામાં આગળ ધપતા ગુજરાત અને રાજસ્થાન ઝપટે ચડતા રહ્યા છે.

આ વર્ષે ચોમાસું રેખા પણ નોર્મલ કરતાં દક્ષિણ તરફ ઝુકેલી રહી હતી. પરીણામે મધ્ય ભારત ક્ષેત્રમાં પ્રભાવ પડયો હતો. આ દિવસોમાં ગુજરાતના અનેક ભાગોમાં વરસાદી તાંડવ સર્જાયુ હતું. જુલાઈમાં દેવભુમિ દ્વારકા તથા પોરબંદર જળબંબાકાર બનતા હતા. જયારે ઓગસ્ટમાં જુનાગઢ ગીર સોમનાથનો વારો નીકળ્યો હતો સપ્ટેમ્બરમાં વડોદરા, અમદાવાદ તથા સુરત જેવા શહેરોમાં આ સ્થિતિ સર્જાઈ હતી.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ચોમાસાની સીઝનનો કુલ વરસાદ ગુજરાતમાં સરેરાશથી ૧૩૮ ટકા વધુ છે જે છેલ્લા એક કલાકનો સૌથી વધુ છે.કચ્છમાં સરેરાશથી ૧૮૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૪૮ ટકા.દક્ષિણ ગુજરાતમાં ૧૪૧ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૩૩ ટકા તથા ઉતર ગુજરાતમાં ૧૧૫ ટકા થયો છે.

## કર્ણાટકનાં મંત્રી ગુંડુરાવે બફાટ કર્યો : ‘‘સાવરકર માંસ ખાતા હતા - ગૌહત્યાનાં વિરોધી નહોતા’’

બેંગ્લુરૂ તા. ૪

કર્ણાટકના આરોગ્યમંત્રી કે દિનેશ ગુંડુ રાવે બેંગલુરુમાં દાવો કર્યો કે સાવરકર માંસ ખાતા હતા અને તેઓ ગૌહત્યાના વિરોધમાં નહોતા. ઝીણા નહીં પણ સાવરકર કટ્ટરવાદી હતા. રાવ ૨ ઓક્ટોબરે મહાત્મા ગાંધી પર લખાયેલા પુસ્તકના વિમોચન કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું- શુદ્ધ બ્રાહ્મણ હોવા છતાં સાવરકર માંસ ખાતા હતા અને ખુલ્લેઆમ તેનો પ્રચાર કરતા હતા. કેટલાક લોકો કહે છે કે તેઓ બીફ પણ ખાતા હતા. તેઓ આધુનિક વ્યક્તિ હતા, તેથી તેમની વિચારસરણી આવી હતી.

મહાત્મા ગાંધી શાકાહારી હતા અને હિન્દુ ધર્મમાં દ્રઢ આસ્થા ધરાવતા હતા. સાવરકરની કટ્ટરપંથી વિચારધારા ભારતીય સંસ્કૃતિથી ઘણી અલગ હતી. તેઓ રાષ્ટ્રવાદી હોવા છતાં, દેશમાં સાવરકર નહીં પણ મહાત્મા ગાંધીનો તર્ક પ્રવર્તવો જોઈએ. પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી ઝીણા પણ ઉગ્રવાદી હતા. તે ઈસ્લામવાદી હતા પણ દારૂ પીતા હતા. એવું કહેવાય છે કે તેમણે ડુક્કરનું માંસ પણ ખાધું હતું, પરંતુ તે મુસ્લિમોના આઈકોન બની ગયા હતા. ઝીણા કટ્ટરવાદી નહોતા, પરંતુ સાવરકર કટ્ટરવાદી હતા. સાવરકર પરની તેમની ટિપ્પણી પર થયેલા હોબાળા પછી, રાવે X પર પોસ્ટ કર્યું - ફરી એકવાર સાચું બોલવા બદલ માફ કરશો.

## પુનામાં ૨૧ વર્ષિય યુવતિ પર સામુહિક દુષ્કર્મની ઘટના

પુના.તા.૪

પુનામાં એક ૨૧ વર્ષીય યુવતિ પર ત્રણ વ્યક્તિઓએ સામુહિક બળાત્કાર કર્યો હતો અને તેનાં પુરુષ મિત્ર પર હુમલો કરવામાં આવ્યો હતો.પોલીસે જણાવ્યું કે ગતરાત્રે ૧૧ વાગ્યાની આસપાસ બોપદેવ ઘર વિસ્તારમાં કથિત રીતે ગેંગ રેપ કરવામાં આવ્યો હતો. કોંધવા પોલીસનાં જણાવ્યાં અનુસાર, મહિલા એક પુરુષ મિત્ર સાથે તે વિસ્તારમાં ગઈ હતી.

પુના પોલીસનાં એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, "પ્રાથમિક વિગતો મુજબ, મહિલા અને તેનો પુરૂષ મિત્ર ગુરુવારે મોડી રાત્રે બોપદેવ વિસ્તારમાં ગયાં હતાં જ્યાં ત્રણ અજાણ્યાં લોકોએ તેનાં પર સામુહિક બળાત્કાર કર્યો હતો.

આરોપીઓને શોધવા માટે પોલીસની દસ ટીમો બનાવવામાં આવી છે.કોંધવા પોલીસ સ્ટેશનના અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટનામાં ત્રણેય આરોપીઓએ મહિલાનાં પુરુષ મિત્ર પર હુમલો પણ કર્યો હતો.

## હિઝબુલ્લાહનાં નવા વરાયેલા વડા સફીદીનનું એર સ્ટ્રાઈકમાં મૃત્યુ થયાના અહેવાલો

બૈરૂત તા. ૪ ઈઝરાયલના હુમલામાં માર્યા ગયેલા હિઝબુલ્લાના ચીફ હસન નસરૂલ્લાહના ભાઈ હાશેમ સફીદીન પણ માર્યો ગયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અહેવાલ મુજબ ઈઝરાયલની સેનાએ ગુરુવારે બૈરૂતમાં સફીદીનને નિશાન બનાવ્યો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ઈઝરાયલના અધિકારીઓએ કહ્યું કે વિમાનોએ ભૂગર્ભ બંકર પર બોમ્બમારો કર્યો હતો. હિઝબુલ્લાહના ટોપ અધિકારીઓ અહીં એક બેઠક યોજી રહ્યા હતા. સૈફીદીન આમાં ભાગ લેવા જઈ રહ્યો હતો. સૈફિદીન ત્યાં પહોંચ્યો હતો કે નહીં તેની માહિતી નથી. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ કે હિઝબુલ્લાહે સફીદીનની હત્યા અંગે કોઇ નિવેદન જાહેર કર્યુ નથી. ગયા અઠવાડિયે નસરૂલ્લાહનાં મોત બાદ સફીદીનને તેનો ઉત્તરાધિકારી માનવામાં આવતો હતો. તે નસરૂલ્લાહનો પિતરાઈ ભાઈ હોવાનું જણાય છે.

## ઈઝરાયેલ - ઈરાન જંગમાં આજે કટોકટીનો દિવસ : સમગ્ર વિશ્વમાં ચિંતા

નવી દિલ્હીઃ ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ વચ્ચે આજે એટલે કે શુક્રવારનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક તરફ હિઝબુલ્લાના ચીફ હસન નસરૂલ્લાહના અંતિમ સંસ્કાર થશે, તો બીજી તરફ ઈરાનના સર્વોચ્ચ નેતા ખમેનીનું પ્રથમ સંબોધન.ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખમેની શુક્રવારની નમાજની આગેવાની કરશે. નસરૂલ્લાહને હટાવ્યા બાદ તેઓ પ્રથમ વખત રાષ્ટ્રને સંબોધિત કરશે. ખામેની મધ્ય તેહરાનમાં ઈમામ ખોમેની ગ્રાન્ડ મસ્જીદમાં શુક્રવારની નમાજનું નેતળત્વ કરશે. સ્થાનિક સમય અનુસાર સવારે ૧૦.૩૦ વાગ્યે નસરૂલ્લાહના સન્માનમાં એક બેઠકનું પણ આયોજન કરવામાં આવશે. હિઝબુલ્લાના ચીફ હસન નસરૂલ્લાહની હત્યાના કારણે થયેલા હોબાળા વચ્ચે તેના અંતિમ સંસ્કારને લઈને ભયનું વાતાવરણ છે. નસરૂલ્લાહને આજે એટલે કે શુક્રવારે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. હસન નસરૂલ્લાહૂ બેરૂતમાં તેમના હેડક્વાર્ટરમાં તેમના બંકરમાં ઈઝરાયલી હવાઈ હુમલામાં મોત થયું છે. ઈઝરાયેલે જે રીતે હિઝબુલ્લાહને ધુળ ચાટતુ કર્યુ તેથી તેના નેતાઓ અને સમર્થકો ચોંકી ગયા છે. જો કે, તેમના અંતિમ સંસ્કારને લઈને હજુ પણ સસ્પેન્સના વાદળો છવાયેલા છે. બધું ખૂબ જ ગોપનીય રીતે કરવામાં આવી રહ્યું છે.

## આવતીકાલે હરીયાણા વિધાનસભાની તમામ ૯૦ બેઠકો પર મતદાન

ચંડીગઢ તા.૪

હરિયાણાની ૧૫મી વિધાનસભા ચૂંટણીના પ્રચારનું બ્યુગલ ગઈકાલે ગુરૂવારે સાંજે બંધ થઈ ગયું હતું, અને આવતીકાલે મતદાન છે. મત ગણતરી ૯મી ઓકટોબરે થશે. ચૂંટણી પ્રચાર થવાના કેટલાક કલાકો પહેલા મુખ્ય રાજકીય પક્ષોએ જોરદાર રેલીઓ અને રોડ શો કર્યા હતા.

ચૂંટણી માટે કુલ ૧૦૩૧ ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. જેમાં ૯૩૦ પુરૂષ અને ૧૦૧ મહિલા ઉમેદવારો છે ૪૬૪ અપક્ષ ઉમેદવારો પણ મેદાનમાં છે. મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલે જણાવ્યું હતું કે રાજયમાં મતદાન માટે ૨૦૬૩૨ મતદાન કેન્દ્રો બનાવાયા છે. જયાં રાજયના ૨૦,૩,૫૪,૩૫૦ મતદારો મતદાન કરશે. આ મતદારોમાં ૧,૦૭,૭૫,૯૫૭ પુરૂષ અને ૯૫,૭૭,૯૨૬ મહિલાઓ મતદારો છે. ચૂંટણી મેદાનમાં મુખ્ય ઉમેદવારોમાં મુખ્યમંત્રી નાયબસિંહ સૈની, વિપક્ષના નેતા ભૂપેન્દ્રસિંહ હુડ્ડા, લોકદળનાં અભયસિંહ ચૌટાલા, ભાજપના અનિલ વિજ અને ઓ.પી. ધનખડ તેમજ કોંગ્રેસના વિનેશ ફોગાટ સામેલ છે. અપક્ષ ઉમેદવારોમાં સાવિત્રી જિંદાલ, રંજીત ચૌટાલા અને ચિત્રા સરવારા સામેલ છે.


તાત્કાલીક માણસો જોઈએ છે
● દુબઈ ● કુવૈત ● ઓમાન ● માલ્ટા
કારપેન્ટર - મેશન - પ્લમ્બર
ઓફિસ બોય - સેલ્સમેન - વેઈટર
ઉંમર ૨૨ થી ૪૫ વર્ષ
ફક્ત પાસપોર્ટ ધરાવતા વ્યકિતએ જ કોન્ટેકટ કરવો
મો. ૯૫૧૦૮ ૨૨૮૪૧/૬૪૫૪૯ ૬૯૭૨૯
વિઝા / ટિકીટ આવે પછી પેમેન્ટ

મકાન વેચવાનું છે
ત્રણ માળનું, કાટખુણાનું,
નીચે ત્રણ દુકાન અને ગોડાઉન
અનંત ધર્માલયની સામે,
માંગનાથ રોડ, જૂનાગઢ
દલાલભાઈ આવકાર્ય
સંપર્ક : ૯૪૨૮૪ ૪૧૪૨૭

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેક્ટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
➩ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
➩ ફિંગર વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
➩ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
➩ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો






તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો





CMYK CMYK CMYK

# બરવાળામાં કેબીએમ ગર્લ્સ હાઈસ્કૂલમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન

## નવરાત્રિ પ્રાચીન ગરબીના આયોજકોને ધૂણવાનો રાસ બંધ રાખવા વિજ્ઞાન જાથાની અપીલ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૪

બોટાદ જિલ્લાના બરવાળા ગામમાં શ્રીમતિ એમએસબી અને કેબીએમ ગર્લ્સ હાઈસ્કૂલમાં ૩૫૦ છાત્રાઓ, વાલીમાં અંધશ્રદ્ધા દૂર કરવાનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. હિન્દુ-મુસલમાનના વ્યક્તિ શરીરમાં પ્રવેશના નામે ધૂણવું-સવારી આવવાની મહાડિંડકની રસપ્રદ હકિકત પ્રયોગ સાથે રજૂ કરવામાં આવતા આસપાસ વિસ્તારમાં ધૂણવાની ડિંડકલીલા કરનારામાં સોંપી પડી ગયો હતો. જાથાએ નવરાત્રી ગરબીના આયોજકોને ધૂણવાનો રાસ બંધ રાખવા લોકહિતમાં અપીલ કરી હતી. ધૂણવા-સવારીના ગેરફાયદાની વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન શાળાના આચાર્ય કેતનભાઈ ઉંડવીયાએ કર્યું હતું. શાળાનો શૈક્ષણિક સ્ટાફ, ભાનુબેન ગોહિલ, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, ભારતીબેન દેગામીની હાજરીમાં કરવામાં આવ્યું હતું. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ દેગામી અને ભારતીબેન દેગામીએ પ્રયોગ નિદર્શન કર્યું હતું. શાળાના ઈન્ચાર્જ આચાર્ય કેતનભાઈ ઉંડવીયાએ દેશમાંથી અંધશ્રદ્ધા નાબુદ થાય તે માટે વિજ્ઞાન જાથા દેશવ્યાપી કાર્યક્રમો યોજે છે તે આવકારવાદાયક છે. જાથાની પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ-વાલીને સંબોધતા જણાવ્યું કે ધૂણવાનો રાસ બંધ કે દૂર કરવાથી શ્રદ્ધા, ભકિતમાં કોઈ અવરોધ ઉભો થવાનો નથી. છેલ્લા સતર વર્ષથી નવરાત્રિ મહોત્સવમાં પ્રાચીન ગરબીમાં ધૂણવાના રાસે કૌતુક ઉભું કરી માસ હિસ્ટેરીયાને જન્મ આપ્યો છે. બાળમાનસ ઉપર અંધશ્રદ્ધા પ્રેરક વિપરીત માનસિક અસરો થતી હોય ધૂણવાના રાસ કાયમી બંધ કરી નવતર રાસ-કાર્યક્રમો આપવા અપીલ કરવામાં આવી હતી. ધૂણવાનો રાસ અનેક પ્રકારે હાનીકારક સાબિત થયો છે. લાંબાગાળે માનસિક રોગની પૂરેપૂરી સંભાવના છે. માનસિક નબળી બાળાઓ હિપ્રોટાઈઝ થઈને ધૂણવા લાગે છે જે સિલસિલો રોગને આમંત્રણ આપે છે. જાથાના પંડયાએ વધુમાં જણાવ્યું કે ગરબીમાં ધૂણવાના રાસ વખતે ગુગળ-અગરબત્તીનો ધુમાડો કરી વાળ ખુલ્લા રાખી ડોકું અનેક પ્રકારે હલાવવાનો પ્રયોગ કરવામાં આવે છે જેની સમયમર્યાદા નિશ્ચિત હોતી નથી. ધૂણવાનો રાસ વખતે મોટો માનવસમુહ એકત્રિત થઈ જતો હોય છે. તેથી ડાક વગાડનાર રંગતમાં આવી રાસને લંબાવે છે તેથી ધૂણતી બાળાઓને વધુ પ્રમાણમાં કસરત, થાક, ધુમાડો અંગારવાયુ અને કાર્બન મોનોકસાઈડ લેવાના કારણે બેશુદ્ધ થઈ જાય છે. પડી જવાના બનાવ બને છે. ધૂણવાના કારણે માથાના ભાગે નીકળતી નસોને નુકશાન થતું હોય કયારેક અપંગતાને આમંત્રણ આપીએ છીએ. ધૂણવાના રાસમાં બાળાઓને ઓકિસજન મળી રહે તેવી કોઈ વ્યવસ્થા હોતી નથી. બાળાઓના વાલીએ સજાગતા રાખી ધૂણવાના રાસથી દૂર રાખવું હિતાવહ છે. કેટલાક આયોજકોએ અનુભવના અંતે આ રાસ દુર કર્યો છે. વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે ગરબીમાં ધૂણવાના રાસને કારણે લાંબાગાળે, ભવિષ્યમાં માનસિક રોગોમાં ડીસોસીએટીવ ડિસઓર્ડર, ઓબ્જેશન, હિસ્ટેરીયા, ભયભીત વળગાડ જેવા દર્દોની સંભાવના રહે છે. વિચારોનો વળગાડ, આંચકી, ભકિતમાંથી ભયનો રોગ, શંકા વ્હેમ, શરીરમાં માતાજી આવવું, શરીરમાં અન્યોનો પ્રવેશ થવો, હિસ્ટેરીયા પ્રકારના રોગ આવવાની પૂરેપૂરી સંભાવના છે. ધૂણવાનો રાસ કરનારા અને માનસિક નબળા જોનારા માટે ખતરનાક સાબિત થાય છે. ધૂણવાનો રાસ બંધ રાખવાથી માતાજીની શ્રદ્ધા, ભકિતમાં અવરોધ નથી. જાથા નવરાત્રિ મહોત્સવમાં આસ્થા ધરાવે છે. ધૂણવાના રાસનો વિરોધ કરે છે. અગાઉના વર્ષોમાં ધૂણવાના રાસને કોઈ સ્થાન ન હતું. અત્યારે ગતકડાં ઉભા કર્યા છે. જાગૃતોએ ગરબીમાં ધૂણવાના રાસ બંધ રાખવા પહેલ કરવી જોઈએ. ગરબીના આયોજકો જાથાની અપીલને હકારાત્મક દ્રષ્ટિએ નિહાળી અમલ કરે તેવી આશા રાખવામાં આવે છે. વિજ્ઞાન ટેકનોલોજી યુગમાં ધૂણવાનો રાસ પછાતતાના દર્શન કરાવે છે. ધૂણવાનો રાસ આપણી સંસ્કૃતિ નથી. ધૂણવાનો રાસ અધઃપતનની નિશાની છે. સવારી આવવી માનસિક રોગની નિશાની સાથે ધતિંગની વ્યાખ્યામાં આવે છે. દેશભરમાં નવરાત્રિ મહોત્સવ, શ્રદ્ધા, ભકિત, આસ્થા, વિવિધતાથી માં અંબા માતાજીની પૂજા, અર્ચના, સ્થાનિક સંસ્કૃતિની રીતે ઉજવણી થાય તેના તરફ સૌને આદર હોય છે. ધૂણવાનો રાસ તો બંધ થવો જ જોઈએ. જાથાના ચેરમેન પંડયાએ વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારોના દાખલા દ્રષ્ટાંત આપી છાત્રાઓ-વાલીને મંત્રમુગ્ધ કર્યા હતા. ભૂત, પ્રેત, મામો, જીન્નાત, ડાકણ, ચુડેલ, મેલીવિદ્યા, આસુરી શક્તિનું અસ્તિત્વ જ નથી તો તેનો ભય કાઢી નાખવા અનુરોધ કર્યો હતો. મંગળ, શનિ વિગેરે ગ્રહો માનવજીવનને અસરકર્તા નથી. ગ્રહો કદી નડતા નથી જીવતા માણસો જ નડે છે. મૃત્યુ પામેલા કદી નડી શકે નહિં. તેની ભ્રમિત વાતો થાય છે. આત્મા, પુર્નજન્મની વાતો હંબક છે. માનસિક ભ્રમણાઓ, ત્રુટિમાંથી ઉત્પન્ન થયેલી ભ્રામક ઘટનાઓ છે, હકિકત નથી. વિજ્ઞાનનો માણસ તર્કશીલ સાથે બુદ્ધિની કસોટીએ ઘટનાને મુલવે છે. જયોતિષ, વાસ્તુશાસ્ત્ર, ફેંગસુઈને વિજ્ઞાનનો કોઈ આધાર નથી. કપોળકલ્પિત શાસ્ત્રો છે. ખોટા શાસ્ત્રોનું અનુકરણ કરવાથી અધોગતિને આમંત્રણ આપીએ છીએ. ફેંગસૂઈ, વાસ્તુશાસ્ત્ર રૂપિયા ખંખેરનારૂ શાસ્ત્ર સાબિત થયું છે. વિજ્ઞાન જાથાની ટીમે ચમત્કારિક પ્રયોગયોમાં હાથમાં દીવા રાખવા, એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ-લોહી નીકળવું, કાનેથી ચિઠ્ઠી વાંચવી, સંમોહન, ઉકળતા તેલમાં હાથેથી પૂરી તળવી, રૂપિયાનો વરસાદ, હવામાં શરીરનું સ્થિર રહેવું, હઝરતમાં જોવું, જીભની આરપાર ત્રિશુલ નાખવું, બોલતું તાવીજ, ગોળ પથ્થર ઉપર બેસી શરીરનું ફરવું, કર્ણપિશાચ વિદ્યા વિગેરેનું નિદર્શન કરી સ્થળ ઉપર છાત્રાઓને શીખડાવી દેવામાં આવ્યા હતા અને છાત્રાઓ મંત્રમુગ્ધ થયા હતા. જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ / ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## વિસાવદર તાલુકાના ભલગામ ગામે જુગાર દરોડો : ૬ ઝડપાયા



જૂનાગઢ તા.૪

વિસાવદર તાલુકાના ભલગામ ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડી ૬ શખ્સોને રૂા.ર૩૧૦૦ના મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર વિસાવદર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એચ. પટેલ, તથા પીએસઆઈ આર.એચ. ડામોર તથા સ્ટાફે ચોકકસ બાતમીના આધારે ભલગામ ગામેથી ૬૬ કેવી જેટકો ફીડરની પાછળના ભાગે જાહેરમાં જુગાર રમતા વજુભાઈ નાનજીભાઈ પાટડીયા, ભીખુભાઈ મુળજીભાઈ સાગઠીયા, ભાવેશભાઈ મહેન્દ્રભાઈ માલાણી, ભાવેશભાઈ બાબુભાઈ સોલંકી, રાજુભાઈ પુનાભાઈ ખાંટ, રવજીભાઈ રામજીભાઈ સાગઠીયા વગેરે ૬ શખ્સોને રૂા.ર૩૧૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## ભેંસાણના ખંભાળીયા ગામ નજીક રીક્ષા પલ્ટી ખાતા એકનું મૃત્યુ : અન્યોને ઈજાઓ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

ભેંસાણ તાલુકાના ખંભાળીયા નજીક પ્યાગો રીક્ષા પલ્ટી ખાઈ જતા મુસાફર યુવાનનું મોત નિપજયું હતું જયારે અન્યોને ઈજાઓ થયાનું ભેંસાણ પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભેંસાણ પોલીસ મથકે મહાદેવીબેન પરેશભાઈ લીંબળે પ્રવીણભાઈ ઉર્ફે ધીરૂ ભીખુભાઈ સતરોટીયા વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળી પ્યાગો રીક્ષા નં.જીજે-૩૪-ડબ્લ્યુ-૦૩૯૭વાળી પુરઝડપી અને બેદરકારીપુર્વક ચલાવી રીક્ષા પરનો કાબુ ગુમાવી રીક્ષાને પલ્ટી ખવડાવી દેતા રીક્ષામાં બેઠેલ ફરીયાદીને ડાબા પગે ગંભીર ઈજાઓ પહોંચાડેલ જયારે ફરીયાદીના પતિ પરેશભાઈ ભીખુભાઈ લીંબળ (ઉ.વ.૩૫) વાળાનું મૃત્યુ નિપજાવ્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ : ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા અને વળતરની રકમ ચુકવવા હુકમ

જૂનાગઢ તા.૪

લોન લઈ ભરપાઈ ન કરનાર ડિફોલ્ટર ને સજા કરી દાખલા રૂપ ચૂકાદો જુનાગઢ કોર્ટે આપ્યો છે. શ્રી માધવ ક્રેડીટ કો—ઓપરેટીવ સોસાયટી લી.જુનાગઢ માંથી જતીનભાઈ ત્રિભોવનભાઈ લખલાણી રહે.જુનાગઢ વાળા એ ધિરાણ મેળવેલ છે. અને લોન ખાતેદારે તેમની લોનની બાકી રકમ ભરપાઈ કરવા માટે રૂા. ૫,૪૧,૦૩૭/— નો ચેક આપેલ જે ચેક અપૂરતા ફંડ ના કારણે રિર્ટન થયેલ હતો. જેથી સોસાયટી દ્વારા વર્ષ- ૨૦૧૭ ના રોજ જુનાગઢ કોર્ટમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ કેસ દાખલ કરેલ હતો. લોનીએ ચેક રીર્ટનની મુળ રકમ જમા કરાવી ન હતી. આથી જુનાગઢના ચોથા અધિક ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી શ્રી એચ.ટી. ધોળકીયાની કોર્ટ માં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ જતીનભાઈ ત્રિભોવનભાઈ લખલાણી ને શિક્ષાપાત્ર ગુના માં ૧ વર્ષની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કરવામાં આવેલ છે.તેમજ ફરીયાદીને ચેકની રકમ ની બમણી રકમ રૂા.૧૦,૮૨,૦૭૪/- વળતર પેટે ચુકવવા હુકમ કરવામાં આવેલ છે. જો આરોપી વળતરની રકમ ન ચુકવે તો વધુ ૩ માસની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે.ચેક રીર્ટનના કેસની આ કામગીરી સોસાયટી વતી વિધવાન વકીલ સચીનભાઈ જી. રૂપારેલીયા એ સંભાળેલ હતી.

## ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી દ્વારા આયોજીત યુવક મહોત્સવમાં ઈતિહાસ વિભાગના વિદ્યાર્થીઓનું જીલ્લા પોલીસ વડાના હસ્તે સન્માન

(પ્રતિનિધિ દ્વારા)


પ્રભાસ-પાટણ તા.૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આયોજિત યુવક મહોત્સવ અવસર-૨૦૨૪માં ઈતિહાસ વિભાગના અનુસ્નાતક ભવનના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ વિજેતા થતાં વિદ્યાર્થીઓનું જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં, ૧) "લોક નૃત્ય અને પ્રાચીન રાસ (અડિંગો)" માં પ્રથમ ક્રમાંક સાથે સમગ્ર "નૃત્ય વિભાગમાં રનીંગ શિલ્ડ" પ્રાપ્ત કર્યું. આ સ્પર્ધામાં ભાગ લેનાર અનુસ્નાતક ભવનના પ્રથમ અને તૃતીય સેમેસ્ટરના વિદ્યાર્થીઓ. ૧) હિરપરા વૃતિ મોહનભાઈ ૨) સોલંકી જ્યોતિ ધર્મેન્દ્રભાઈ ૩) સોલંકી દિવ્યા ધર્મેન્દ્રભાઈ ૪) ચૌહાણ દિપાલી રમેશભાઈ ૫) ભાલીયા મોસમી રમેશભાઈ૬) સેવરા ઈતીષા હીરાભાઈ ૭) મેઘનાથી મિતલ દેવગીરી ૮) મિશ્રા મીરાં સંપૂર્ણાનંદજી ૯) શ્યારા નેહા સંજયભાઈ ૧૦) ડાભી દયા જગદીશભાઈ ૧૧) ભિમાણી અભી ધીરજલાલ ૧૨) ગોસ્વામી કલ્પેશ વિનોદપુરી ૨) "ઈન્સ્ટોલેશન" સ્પર્ધામાં ઈતિહાસ વિભાગના તૃતીય સેમેસ્ટરના વિદ્યાર્થીની કુ. બોરીચા જાનવી મુકેશભાઈ એ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો. ૩) "કોલાઝ (કોલાજ)" સ્પર્ધામાં ઈતિહાસ વિભાગના તૃતીય સેમેસ્ટરના વિદ્યાર્થીની કુ. ચૌહાણ દિપાલી રમેશભાઈ એ તૃતીય



ક્રમાંક પ્રાપ્ત કર્યો. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા (એસ.પી.) હર્ષદ મહેતા સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને હંમેશા માટે યુવાનોના વિચાર ઉચ્ચ હોવા જોઈએ સાથે શ્રેષ્ઠ દ્રષ્ટિકોણ, પ્રબળ ઈચ્છાશક્તિ, જીવનમાં તટસ્થતા, તેમજ સ્ત્રીનું સશક્તિકરણ અને તેનું આધુનિક યુગમાં ઈતિહાસમાં સ્થાન અને તેનું મહત્વપૂર્ણ યોગદાન વિશે વિચાર વિમર્શ કરી વિદ્યાર્થી માટે નિષ્ફળતા એ સફળતાની ચાવી છે. પોતાની જાતને ઓળખી તટસ્થ રહી અને પોતાની ભૂલની તપાસ કરવી અને તેને સુધાર્યા બાદ સફળતાની પ્રાપ્તિ થાય છે. વિદ્યાર્થીઓએ બીજાની ભૂલો શોધવી તેના કરતા આપણી ખામીઓ શોધી કોઈપણ પ્રશ્નોનું નિવારણ લાવી શકાય છે. આમ વિદ્યાર્થીઓએ હંમેશા માટે કોઈપણ મુશ્કેલી સામે કઈ રીતે તેનો સામનો કરવો અને સમસ્યાને પાર પાડવી તે બાબતે માર્ગદર્શન આપ્યું. આમ, યુવક મહોત્સવમા ભાગ લેનાર વિદ્યાર્થીઓને કીટ આપીને સન્માનિત કર્યા હતા. આ સન્માન સમારંભ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડો.) ચેતન ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યું હતું. ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રો. (ડો.) વિશાલ આર. જોષી, આસિ. પ્રો. ડો. રમેશ ચૌહાણ, ડો. લલિત પરમાર તેમજ મુલાકાતી વ્યાખ્યાતા ચાંડેલા કાના દ્વારા વિદ્યાર્થી સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

## લોઢવા બેંક દ્વારા ખેડૂતનું મરણ થતા તેમના વારસદારોને વિમાના બે લાખનો ચેક અપાયો



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા.૪

લોઢવા ગામના ખેડૂત કછોટ હાજાભાઈ સામતભાઈએ લોઢવા એસબીઆઈ બેંકમાં પ્રધાનમંત્રી જીવન જયોતી વીમા યોજના રૂા.૪૩૬માં વીમો લીધેલ હતો. તાજેતરમાં હાજાભાઈનું અવસાન થતા લોઢવા એસબીઆઈ બેંકના મેનેજર દ્વારા તેમના વારસદાર તેમના પત્ની વાલીબેન હાજાભાઈ કછોટને રૂા.બે લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો છે. આમ ગામડાનાં ખેડૂત અભણ હોય તેથી તેમની કાયદાકીય તમામ વિધી એસબીઆઈ બેંકના મેનેજર તથા સ્ટાફ દ્વારા કામગીરી કરીને વીમાની રકમ મંજુર કરાવીને ચેક અર્પણ કરવામાં આવેલ છે.

## વિસાવદર : ઈલેકટ્રીક શોક લાગતા સગીરનું મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

વિસાવદરના સતાધાર રોડ પર ગેરેજમાં કામ કરતા સગીરને ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું વિસાવદર પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે અરજણભાઈ ચનાભાઈ સાખટે જાહેર કરેલ કે પોતાનો મૃતક પુત્ર રાહુલભાઈ (ઉ.વ.૧૪) વાળો કલ્પેશભાઈ ધીરૂભાઈ સોજીત્રાની ગેરેજે ગેરેજનું કામ કરતા હોય તે દરમ્યાન અકસ્માતે ઈલેકટ્રીક શોક લાગતા સીએચસી વિસાવદર ખાતે સારવાર અર્થે ખસેડાતા ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## રૂક્ષ્મણી માતા પ્રત્યે અતૂટ શ્રદ્ધા ભક્ત પરિવારે પ્રથમ નોરતે માતાજીને સોનાનો હાર અર્પણ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૪

નવરાત્રીના પ્રથમ દિવસે ભગવાન દ્વારકાધીશ અને માતા રૂક્ષ્મણીનાં પરમ ભક્ત પરિવાર દ્વારા ૨૨ કેરેટ સોનાનો હાર અર્પણ કરવામાં આવ્યો હતો. પરિવાર છેલ્લા ૪ વર્ષથી નવરાત્રીના પ્રથમ નોરતે રૂક્ષ્મણી મંદિરે સોનાના ઘરેણાં અર્પણ કરી ધન્યતા અનુભવે છે.

## આજે શુક્રવારે બીજા નોરતે બ્રહ્મચારીણી માની પૂજા



માતાજી નવદુર્ગા શક્તિમાં બીજા નોરતે બ્રહ્મચારીણી સ્વરૂપનું પૂજન થાય છે. બ્રહ્મચારણી એટલે કે તપનું આચરણ કરનાર માતાજીનું સ્વરૂપ જયોર્તિમય અને ભવ્ય છે. માતાજીના જમણા હાથમાં જયમાળા અને ડાબા હાથમાં કમન્ડળ છે. હિમાલયને ત્યાં માતાજીએ જન્મલયને ઉગ્ર તપ કરેલું. તપના પ્રભાવથી માતાજીનું નામ તપચારીણી એટલે બ્રહ્મચારીણી થયું. તપના પ્રભાવને લીધે માતાજીનું સ્વરૂપ ક્ષણ થયેલુ ત્યારે માતાજીને ચિંતા થાય છે અને અવાજ કરે છે. ઉમા આથી માતાજીનું નામ ઉમા પડે છે. માતાજીનું તપ જોઈ બ્રહ્માજી આકાશ વાણી કરે છે તમને મહાદેવ જી પતિ સ્વરૂપે પ્રાપ્ત થશે. માતાજી દુર્ગાનું આ સ્વરૂપ અનેક સિધ્ધિ આપનાર છે તથા માતાજીની ઉપાસનાથી તપ ત્યાગ અને વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે. માતાજીની ઉપાસનાથી વિજયની પણ પ્રાપ્તિ થાય છે.

**માતાજી બ્રહ્મચારીણી ઉપાસનાનો મંત્ર**

ૐ શ્રીં શ્રીં અમ્બિકાર્ય નમઃ નૈવેદામા સફેદ મીઠાય અને દૂધ અર્પણ કરવાથી રોગમાંથી મુક્તિ મળે છે.

**- જ્યોતિષી રાજદીપ જોશી**

## માંગરોળના ઝરીયાવાડા ગામે અગાઉ થયેલ ફરીયાદના મનદુઃખે બે પરિવારો વચ્ચે મારામારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

માંગરોળ તાલુકાના ઝરીયાવાડા ગામે બે વર્ષ અગાઉ થયેલ વ્યાજ વટાવની ફરીયાદના મનદુઃખે બે પરિવારો વચ્ચે મારમારી થતા સામસામે ફરીયાદ શીલ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર શીલ પોલીસ મથકે શેરખાન ઈબ્રાહીમખાન બેલીમે હબીબખાં કાસમખાં મકરાણી, રસીદખાં હબીબખાં મકરાણી અને ભીખુખાં કાસમખાં મકરાણી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નાધાવી છે કે, ફરીયાદીએ આજથી બે વર્ષ અગાઉ આરોપી હબીબખાં અને રસીદખાં વિરૂધ્ધ વ્યાજ વટાવની ફરીયાદ કરેલ હોય જે બાબતે આરોપીઓએ ફરીયાદીને કહેલ કે તે કેમ અમારા વીરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે તેમ કહી ફરીયાદીને જાહેરમાં જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢી આરોપી રસીદખાએ ફરીયાદીને ડાબા પગમાં લાકડીના ધોકા મારી આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે હબીબભાઈ કાસમભાઈ બેલીમે શેરખાન ઈબ્રાહીમખાન બેલીમ, જાવીદખાન શેરખાન બેલીમ, સાહીદખા શેરખાન બેલીમ અને સરવરખાન ઈબ્રાહીમખાન બેલીમ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ કહેલ કે અગાઉ મે કરેલ ફરીયાદમાં તુ શા માટે અમારા વિરૂધ્ધ હાઈકોર્ટમાં ગયો છે તે બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ ગાળાગાળી કરી આરોપીઓએ લોખંડના પાઈપ અને લાકડી વડે ફરીયાદી તથા સાહેદોને મારમાર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષે ગુનો નોંધી વધુ

### અવસાન નોંધ

જામ ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના ચપર ગામના સ્વ. શામજી નારણદાસ દતાણીના પુત્ર પ્રવીણભાઈના ધર્મપત્ની હંસાબેન પ્રવીણભાઈ દતાણી(ઉ.વ. ૬૨) તે જીગરભાઈ તથા કિશનકુમારના માતુશ્રી તેમજ નટવરલાલ પ્રભુદાસ પોપટ અને અનિલભાઈ તથા શશીકાંતભાઈના બહેન તેમજ પ્રકાશભાઈ અને સંદીપભાઈ દતાણીના કાકી તા.૩ના રોજ અવસાન પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તથા પિયર પક્ષની સાદડી શનિવાર તા.૫ના રોજ સાંજે ચારથી સાડા ચાર ચપર ગામે આવેલા જલારામ મંદિર ખાતે રાખવામાં આવેલ છે.

## જૂનાગઢમાં ઝેરી દવા પી લેતા યુવાનનું મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ શહેરના માર્કેટીંગ યાર્ડ નજીક આવેલ કસ્તુરબાગ કોલોની વિસ્તારમાં રહેતા યુવાને કોઈ કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજયાનું એ ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે મંજુબેન રાજુભાઈ મોઢવાડીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પતિ રાજુભાઈ (ઉ.વ.૩૬) વાળાએ કોઈ કારણોસર પોતાની મેળે સેલફોસ(ઝેરી દવા) પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## ચંડીપાઠનું મહત્વ

ચંડીપાઠ એટલે ભક્તોના મનુષ્યોના દુઃખ દુર કરવા માટેનું કલ્પવૃક્ષ છે. સકામ ભકતો આના સેવનથી પાઠથી મનને અભિષ્ઠ દુલર્ભતમ વસ્તુ અથવા સ્થિતિ સહજભાવે મેળવે છે. ચંડીપાઠથી ઐશ્વર્યઆયુ આરોગ્ય બધી જ કામનાની પુર્તિ થાય છે. ચંદીપાઠનાં શ્લોકોથી મનુષ્યના બધાજ દુઃખ દુર થાય છે. ચંદીપાઠમાં સાથે દેવી કવચ અર્ગલા કીલક રાત્રી સુકન દેવી અથર્વશીર્ષ સિધ્ધ કુંજિકા સ્ત્રોતના પાઠ પણ સાથે છે. ચંદીપાઠમાં કુલ ૧૩ અધ્યાય મુખ્ય ત્રણ ભાગમાં છે. જેમાં પ્રથમ ચરીત્ર એટલે મહાકાળી ત્યારબાદ મધ્યમ ચરીત્રી મહાલક્ષ્મી જેમા બીજો-ત્રીજો-ચોથો અધ્યાય આવે છે. ત્યારબાદ ઉત્તર ચરીત્ર એટલે મહાસરસ્વતી જેમાં પાંચથી તેર અધ્યાય સુધી ઉત્તર ચરીત્ર ગણાય છે. આમ ત્રણ ચરીત્રમાં ચંદીપાઠના તેર અધ્યાય આવે છે. જેમાં માતાજીએ મહિષાસુરનો વધ ચંડમુંડનો વધ રકત બીજનો વધ કર્યો હતો. ચોથો અધ્યાય એટલે શક્રાધ્ય સ્તુતી જે દેવતાઓએ માતાજીની સ્તુતી કરેલી તે ચંડીપાઠનો અગીયારમો અધ્યય એટલે માતાજીએ દેવતાઓનો આપેલું વરદાન ચંદીપાઠમાં પ્રાધાનિક રહસ્ય વૈકૃતિક રહસ્ય મુર્તિ રહસ્યપણ આવેલા છે.

**ચંદીપાઠના નિયમો**

(૧) પુસ્તક હાથમાં રાખીને પાઠ નથી કરી શકતો પોતાની સામે પુસ્તક રાખીપાઠ કરાય છે.

(૨) કોઈપણ એક અધ્યાયંનો પાઠ નથી કરી શકતો આખા ચંડીપાઠનો પાઠ કરવો અથવા તો આખા ચરીત્રનો પાઠ કરવો આમ ચંડીપાઠના ઘણા નિયમો છે.

(૩) તેનું પાલન કરવું સ્પષ્ટ ઉચ્ચાર કરવો યોગ્ય ગુરૂ પાસેથી આખો ચંડીપાઠ શિખી અને ત્યારબાદ જ બોલી શકાય ખાસ કરીને પાઠશાળામાં પુર્ણ શીખેલ બ્રાહ્મણો પાસે પાઠ કરવો યોગ્ય ગણાય. ચંડીપાઠમાં છેલ્લે જીવનના બધા જ પ્રશ્નોનું નિવારણ તથા વિશ્વના બધા જ પશ્નોનું નિવારણના સિધ્ધ સંપુટ મંત્રો આવેલા છે. જેનાથી જીવનનાં બધા જ પ્રશ્નોનું નિવારણ થાય છે. ચંડીપાઠ વિશે જેટલું લખીયે તેટલું ઓછું જ ગણાય છતા પણ મારા જ્ઞાન પ્રમાણે અહીં માહિતી રજુ કરેલ છે.

**- જ્યોતિષી રાજદીપ જોશી**

# સંસ્કૃત અને તેના મહત્વ વિશે બે દિવસીય રાષ્ટ્રીય કાર્ય શાળા યોજાઈ

**વસુદેવ કુટુંબકમ અને એક ભારત શ્રેષ્ઠ ભારતના સૂત્રને ચરિતાર્થ કરતી નીતિ એટલે રાષ્ટ્રીય શિક્ષણ મંત્રી ૨૦૨૦ : રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ભારતીય જ્ઞાન ભારતીય પરંપરા અને ભારતીય વિચાર પર ભાર આપવામાં આવ્યો છે : પ્રો.(ડૉ.) ચેતન ત્રિવેદી, કુલપતિ**




જૂનાગઢ તા, ૪


સોમનાથ સંસ્કૃતિ યુનિવર્સિટી અને વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં બે દિવસીય એન એ પી ૨૦૨૦ એટલે કે નેશનલ એજ્યુકેશન પોલીસી અંતર્ગત રાષ્ટ્રીય કાર્યશાળા યોજાય હતી.

આ કાર્યશાળામાં ઉપસ્થિત સંસ્કૃતના વિદ્વાનોને સંબોધન કરતાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ, પ્રો.(ડૉ.) ચેતન ત્રિવેદી એ જણાવ્યું હતું કે આ શિક્ષણનીતિના મૂળમાં રાષ્ટ્ર ઘડતરની વાત જોડાયેલી છે, ચરિત્ર નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણના હેતુથી ઘડવામાં આવેલી આ નીતિ યુવાનોના બૌદ્ધિક અને સામાજિક રીતે સર્વાંગી વિકાસ અને ભારતીય જ્ઞાન ભારતીય પરંપરા અને ભારતીય વિચારને અનુસરતી શિક્ષણ નીતિ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ચર્ચા સભામાં વિદ્યાર્થીઓથી લઈને કુલપતિ સુધી તમામે ભાગ લીધો હતો, અને સંસ્કૃત અંગે જે મનોમંથન કર્યું હતું તેનું નવનીત ભવિષ્યમાં શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ સાબિત થશે તેમ ડૉ.ત્રિવેદી જણાવ્યું હતું. સંસ્કૃત અને સંસ્કૃતના અભ્યાસ માટે સોમનાથ યુનિવર્સિટી એ પીઠ છે, જેનો સંસ્કૃત ભાષાનો બહોળો ફેલાવો કરવામાં સિંહ ફાળો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષામાં વ્યવહારિક શિક્ષણ અને સમયાનુકૂળ શિક્ષણ પરત્વે ચિંતા અને ચિંતનના સમન્વયથી ચર્ચા કરવાની આજે તાતી જરૂર છે, આમ કહી તેમણે યુનિવર્સિટી દ્વારા સંચાલિત સંભાષણ વર્ગથી સંસ્કૃતનો પાયો વધુ મજબૂત થાય છે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. સમાજ ઉપયોગી સંસ્કૃત અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના વિવિધ આયામો વિશે વાત કરતા પ્રો.(ડૉ.) ચેતન ત્રિવેદીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એ વસુદૈવ કુટુંબકમ અને એક ભારત શ્રેષ્ઠ ભારતના સૂત્રને ચરિતાર્થ કરતી શિક્ષણનીતિ છે. જેમ શરીરના વિકાસ માટે ખોરાકની જરૂર છે એમ મગજના વિકાસ માટે જ્ઞાનની જરૂર છે. ભારતીય ઈતિહાસમાં જોઈએ તો ગુરૂ અને શિષ્યની પરંપરા ખૂબ જૂની છે,રાષ્ટ્રીય શિક્ષણનીતિના વિવિધ આયામો વિશે ઉલ્લેખ કરી ઉમેર્યું હતું કે આ શિક્ષણનીતિ આધુનિક સમાજ સાથે સામાજિક પાસા ઉપર પણ ભાર આપે છે. પરંપરાગત શિક્ષણ તો આ નીતિના મૂળમાં છે, પણ ગુણવત્તામાં સર્વોપરીત છે. સંસ્કૃત એક પ્રાચીન ભાષા છે.ભારતીય પરંપરા અને ભારતીય ઢબને અનુકૂળ રીતે રજૂ કરતી નીતિ રાષ્ટ્રીય શિક્ષણનીતિ છે. રોજબરોજમાં અપડેટ રહેવું અને નવી જાણકારી વિશે અવગત રહેવું જરૂરી છે, જે આ નવી શિક્ષણનીતિ શીખવે છે. ભારતમાં ફેલાયેલી વિશ્વભરની યુનિવર્સિટીમાં વેદ અને પુરાણોનું જ્ઞાન અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સંસ્કૃતમાં મહત્વ વિશે વિચાર વિનિમય રજૂ કર્યા હતા.

રાષ્ટ્રીય કાર્ય શાળામાં સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડૉ.) સુકાન્ત સેનાપતિ, શિક્ષણવિદ ડૉ.જાનકીશરણ આચાર્ય, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કાર્યકારી કુલ સચિવ પ્રો.લલિત પટેલ, ડૉ. નરેન્દ્ર પંડ્યા, ડૉ.રઘુભાઈ જોશી, એ ન . પી . સિં હ , સ હિ ત શિક્ષણવિદો, ગુજરાતની વિવિધ યુનિવર્સિટીમાંથી સંસ્કૃત ભાષાના વિદ્વાનો,અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કાગવડ ગામથી શ્રી ખોડલધામ મંદિર સુધીની પદયાત્રામાં મોટી સંખ્યામાં માઈ ભક્તો ઉમટ્યા

**પ્રથમ નોરતે મહાઆરતી, ધ્વજારોહણ, યજ્ઞ કરીને નવરાત્રિનો પ્રારંભ કરાયો : નરેશભાઈ પટેલની આગેવાનીમાં યોજાઈ પદયાત્રા**






(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૪

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની દર વર્ષની પરંપરા મુજબ આસો નવરાત્રિના પ્રથમ દિવસે પદયાત્રા યોજાઈ હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના આગેવાનીમાં ગઈકાલે ૩ ઓક્ટોબરને ગુરૂવારના રોજ કાગવડ ગામથી શ્રી ખોડલધામ મંદિર સુધી યોજાયેલી આ પદયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને પ્રથમ નોરતે મહાઆરતી, ધ્વજારોહણ અને યજ્ઞ થકી મા ખોડલના પોંખણાં કરી નવરાત્રિનો શુભારંભ કર્યો હતો. પ્રથમ નોરતે યોજાયેલી પદયાત્રા પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે સૌ કોઈને નવરાત્રિના શુભ દિવસોની શુભકામના પાઠવી હતી. વધુમાં નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ગુજરાતભરમાં ૩૭ જગ્યાએ ગરબીઓ થવા જઈ રહી છે. દર વર્ષે ખોડલધામ મંદિર તરફ લોકોની આસ્થા અને શ્રદ્ધા પણ વધતી જાય છે. આજના આ દિવસે મા ખોડલને પ્રાર્થના કરીએ કે આપણી સંગઠનની જ્યોત જે પ્રજવલ્લિત કરી છે તેને આંચ ન આવે. આપણે સૌ સમાજના કામ કરતાં કરતાં રાષ્ટ્રની સેવામાં આગળ વધીએ. ખોડલધામ કેન્સર હોસ્પિટલનું ખૂબ મોટું કામ કરવા જઈ રહ્યું છે. આગામી એકાદ મહિનામાં હોસ્પિટલનું કામ પણ શરૂ થઈ જશે. સર્વ સમાજ માટે થવા જઈ રહેલો આ સેવાયજ્ઞ આપણે સૌ સાથે મળીને પૂર્ણ કરીએ તેવી મા ખોડલને પ્રાર્થના કરૂ છું. પ્રથમ નોરતે યોજાયેલી પદયાત્રામાં જોડાવા વહેલી સવારથી જ કાગવડ ગામે શ્રદ્ધાળુઓ પહોંચી ગયા હતા. ૩ ઓક્ટોબરને ગુરુવારના રોજ સવારે ૭-૩૦ કલાકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલનું કાગવડ ગામવાસીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નરેશભાઈ પટેલે કાગવડ ગામ સ્થિત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ કાગવડ ગામે પ્રાથમિક શાળામાં શ્રી નરેશભાઈ પટેલ અને અન્ય ટ્રસ્ટીશ્રીઓએ દિપ પ્રાગટ્ય કર્યું હતું. સંબોધન બાદ નરેશભાઈ પટેલ દ્વારા રથમાં બિરાજમાન મા ખોડલની આરતી કરવામાં આવી હતી. આરતી પૂર્ણ થતાં જ નરેશભાઈ પટેલે પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. પદયાત્રામાં મા ખોડલના રથની આગેવાનીમાં ડી.જે.ના તાલે ગરબા રમતાં રમતાં મા ખોડલના જય જયકાર સાથે ભક્તો કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધી પહોંચ્યા હતા. પદયાત્રા મંદિરના પટાંગણમાં પહોંચ્યા બાદ મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવીને ભાવિકોએ આશીર્વાદ લીધા હતા.મંદિરે મા ખોડલની મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી ખોડલધામ મંદિરના શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. દર વર્ષની માફક આ વર્ષે પણ યજ્ઞશાળામાં યજ્ઞ કરવામાં આવ્યો હતો. પદયાત્રામાં જોડાયેલા ભક્તો માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ફરાળ અને નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. પદયાત્રાના માર્ગ પર ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્વયંસેવકોની ટીમ પણ ખડેપગે રહી હતી અને પાણી સહિતની વ્યવસ્થા સારી રીતે સંભાળી હતી. આ પદયાત્રામાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીઓ, શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટના ટ્રસ્ટીઓ, શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન વેરાવળ-સોમનાથના ટ્રસ્ટીઓ, શ્રી ખોડલધામના જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કન્વીનરો, શ્રી ખોડલધામ મહિલા સમિતિ, શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ, શ્રી ખોડલધામ યુવા સમિતિ, શ્રી ખોડલધામ મીડિયા સમિતિ, શ્રી ખોડલધામ લિગલ સમિતિ, શ્રી ખોડલધામ શિક્ષણ પાંખ, અન્ય વિવિધ સમિતિઓ, રાજકોટના તમામ સરદાર પટેલ સોશિયલ ગ્રુપના સભ્યો, અટકથી ચાલતા લેઉવા પટેલ સમાજના પરિવારના સભ્યો, સમાજની સંસ્થાઓના સભ્યો અને સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. નવરાત્રિ દરમ્યાન દરરોજ ખોડલધામ મંદિરે યજ્ઞશાળામાં હવન કરવામાં આવશે અને મા ખોડલને રોજ અવનવા શણગાર અને ધ્વજારોહણ કરી ભક્તો મા ખોડલની આરાધના કરશે. નવરાત્રિ હોવાથી મંદિર પરિસરને લાઈટિંગ અને ફૂલોથી શણગારી દેવામાં આવ્યું છે.

### પ્રાકૃતિક કૃષિમાં આચ્છાદનથી અઢળક ફાયદાઓ

# આચ્છાદનથી જમીન ઢાંકી દેવામાં આવે તો ખેતી પાકમાં નિંદામણનું નિયંત્રણ થઈ શકે

**અળસિયા આચ્છાદનથી જમીનમાં દિવસ રાત ઓક્સિજનનું સંચરણ કરે અને ખાતર પણ તૈયાર કરે**

જૂનાગઢ, તા.૪

પ્રાકૃતિક કૃષિ વિવિધ પદ્ધતિથી કરવામાં આવે છે. જેમાં જીવામૃત અને ઘન જીવામૃત ઉપરાંત ખેતરમાં આચ્છાદન પણ કરવામાં આવે છે. આચ્છાદનથી અદ્ભુત પરિણામ મળે છે. જેટલી જમીનને ઢાંકીને રાખશો, તેટલો જ તેનો સેન્દ્રિય કાર્બન વધશે. તેથી પાકના અવશેષોને ખેતરમાં સળગાવવા ના જોઈએ. તેનાથી પ્રદૂષણ તો વધે જ છે સાથે સાથે ખેડૂત માટે ઉપયોગી તેવા મિત્ર કીટકો પણ નાશ પામે છે. તેથી આ પાક અવશેષોને આચ્છાદનના રૂપમાં જમીનને ઢાંકવા માટે વાપરવા જોઈએ. આ આચ્છાદનના ઘણા બધા ફાયદાઓ છે ચાલો વિસ્તારથી જાણીએ..

જ્યારે જમીનનું તાપમાન ૩૫ ડિગ્રી કે તેનાથી વધી જાય છે, ત્યારે જમીનનો સેન્દ્રિય કાર્બન હવામાં ઉડવાનો શરૂ થઈ જાય છે, જે વાતાવરણમાં જઈને વાયુ પ્રદુષણ કરે છે. તેનાથી ગ્લોબલ વોર્મિંગ વધે છે. જો આપણે જમીનને ઢાંકીને રાખીશું તો તેનો સેન્દ્રિય કાર્બન ઊડશે નહીં, પરંતુ જમીનની ઉત્પાદન શક્તિ (ફળદ્રુપતા) વધારશે.

આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિમાં ભેજ અતિ મહત્વનું છે. ભેજ વિશે વાત કરીએ તો માટીના બે કણોની વચ્ચે ૫૦% ભેજ અને ૫૦% વાયુ હોય છે. જો આપણે ખેતરમાં આચ્છાદન કરીશું તો તેનીથી વાપ્સા તેમજ ખાતરવાળી માટી નિર્માણ થાય છે. એક કિલો ખાતરવાળી માટી વાતાવરણમાંથી પથી ૬ લીટર પાણીને ખેંચીને છોડને ભેજના રૂપમાં આપે છે. અને ખાસ કરીને છોડને પાણી નહીં પરંતુ ભેજની જરૂર હોય છે. આ આચ્છાદનથી જમીનમાં ભેજ જળવાઈ રહે છે, આથી ૫૦% પાણીની પણ બચત થાય છે.

તેમજ પ્રાકૃતિક કૃષિમાં જીવાણુઓ ખૂબ મહત્વપૂર્ણ કામગીરી કરે છે. તેઓ પોતાના ભોજનનાં રૂપમાં આચ્છાદનમાંથી ખોરાક મેળવે છે અને તેમાથી ખાતરવાળી માટી નું નિર્માણ કરે છે. જે પાક માટે ખૂબ જ ઉપયોગી નીવડે છે. ખેતરમાં નિંદામણનું નિયંત્રણ કરવા માટે ખૂબ જ મજૂરની જરૂર પડતી હોય છે. પરંતુ જો ખેતરને આચ્છાદનથી ઢાંકી દેવામાં આવે તો ખેતી પાકમાં નિંદામણનું નિયંત્રણ થઈ જાય છે.

ખેડૂત ખેતરમાં આચ્છાદન કરે તો આ અળસિયા આચ્છાદનથી થતા અંધારામાં દિવસ રાત કામ કરે છે. તે ખેડૂતની જમીનમાં ઓક્સિજનનું સંચરણ પણ કરે છે, ખાતર પણ તૈયાર કરે છે. અને અળસિયા દ્વારા બનાવવામાં આવેલાં અનેક છિદ્રો દ્વારા વરસાદનું પાણી જમીનમાં નીચે ઊતરી જાય છે, તેથી જમીનનું ભૂગર્ભ જળસ્તર ઉપર આવે છે. તેનાથી જમીનમાં ભેજ બની રહે છે, અને સખત ગરમીમાં પણ છોડ સુકાતા નથી. આમ, આચ્છાદનથી અઢળક ફાયદાઓ થાય છે.

# દ્વારકાના પૌરાણીક ભદ્રકાલી મંદિરે નવરાત્રીમાં થતો વિશેષ શૃંગાર

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૪



ભારતીય સંસ્કૃતિમાં શક્તિ અને માતાને વિશિષ્ય સ્થાન આપવામાં આવે છે. નવદુર્ગા શક્તિની ઉપાસનનાનું સર્વોતમ પર્વ એટલે નવરાત્રી. દ્વારકામાં નવરાત્રી દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારમાં આવેલા માતાજીના મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, શણગાર તથા દર્શન મનોરથ યોજાય છે. રાવળા તળાવની પશ્ચિમ દિશાએ દ્વારકાના પૌરાણીક મંદિરો પૈકીનું એક એવુ ભદ્રકાલી માતાજીનું મંદિર આવેલું છે. મુખ્યમંદિરના ગર્ભગૃહેથી ભદ્રકાલી માતાજીની પ્રતિમાને ફરતે મહાકાલી, મહાલક્ષ્મી તથા મહાસરસ્વતિના ત્રણ ૧ યંત્રો આવેલા છે. તેમજ નિજમંદિરના પ્રવેશદ્વાર પાસે ત્રિપુરા સુંદરી માતાજી બિરાજે છે. મુખ્યમંદિરની બાજુમાં આશાપુરા માતાજીનું મંદિર તેમજ પશુપતિનાથ મહાદેવ, હનુમાનજીનું બાળ સ્વરૂપ અને ચારણગોર ઠાકર કુટુંબના દેવ આવેલા છે. ભદ્રકાલી એ મહાકાલીનું શાંત સ્વરૂપ છે. તેમજ શારદાપીઠના મઠના કુળદેવી છે. હાલમાં આસો નવરાત્રી ચાલી રહી હોવાથી ભદ્રકાલી માતાજીના મંદિરે બહોળી સંખ્યામાં ગામલોકો દર્શનાર્થે આવે છે. આ ઉપરાંત માતાજીના ઉપાસકો નવરાત્રી દરમયાન પ્રતિદિન સવાર સાંજ માતાજીની સેવા પૂજા તથા દર્શન કરીને ધન્યતા અનુભવે છે. આ મંદિરમાં શ્રીયંત્ર સ્થાપિત હોવાથી તાંત્રિક સાધના માટે આ મંદિર ખૂબ જ ઉતમ ગણાય છે. દ્વારકાના અન્ય પાચીન મંદિરોની જેમ જ આ મંદિરને પણ અતિ પ્રાચીન માનવામાં આવે છે. માતાજીના ભક્ત શ્રદ્ધાપૂર્વક અહીંયા પૂજા-અર્ચના કરે તો તેની સાધના અવશ્ય ફળે છે.

# જૂનાગઢ જીલ્લામમાં નવરાત્રી મહોત્સવમાં પબ્લિક એડ્રેસ સિસ્ટમ, લાઉડ સ્પીકર રાત્રિના ૧૨.૦૦ કલાક પછી વગાડવા ઉપર પ્રતિબંધ

જૂનાગઢ, તા.૪

જૂનાગઢ જિલ્લામાં આગામી ૧૨/૧૦/૨૦૨૪ સુધી નવરાત્રી મહોત્સવની ઉજવણી થનાર છે. જે દરમિયાન ખાનગી કે જાહેર સ્થળોએ રાત્રિ દરમ્યાન ગરબા રાસ કાર્યક્રમો યોજાતા હોય રાત્રિના ૧૨.૦૦ કલાક પછી પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર વગાડવા બાબતે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે તાત્કાલીક અસરથી તા.૧૨/૧૦/૨૦૨૪ સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજસ્ટ્રે શ્રી એન.એફ.ચૌધરીએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) (એન) અન્વયે મળેલ સત્તાની રૂએ નોઈસ પોલ્યુશન રૂલ્સ ૨૦૦૦ની કલમ ૫(૨)(૩) ની જોગવાઈઓને આધીન તથા સરકારશ્રીના વંચાણે લીધેલા ક્રમ-૧ના જાહેરનામા મુજબ ૧૨/૧૦/૨૦૨૪સુધી રાત્રિના ૧૨.૦૦ કલાક પછી પબ્લિક એડ્રેસ સિસ્ટમ,લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ ફરમાવું છું.

આ હુકમ અન્વયે પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને તેથી ઉપરના હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેર નામોનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવેલ છે. આ જાહેરનામાનો ભંગ કરનાર BNS, ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# ભારતમાં સ્વચ્છ ઊર્જા માટે અદાણી અને ગૂગલે હાથ મિલાવ્યા

અમદાવાદ, તા.૪

અદાણી ગ્રૂપ અને ગૂગલે ભારતમાં આવેલી ગ્રીડમાં વધુ સ્વચ્છ ઉર્જા ઉમેરવા અને કંપનીઓની સામૂહિક સ્થિરતાના લક્ષ્યોને આગળ વધારવાના હેતુથી બન્નેએ સહયોગ સાધ્યો હોવાની જાહેરાત કરી છે.

આ ભાગીદારી મારફત અદાણી ગુજરાતના ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પ્લાન્ટમાં સ્થિત નવા સોલાર-વિન્ડ હાઈબ્રિડ પ્રોજેક્ટમાંથી સ્વચ્છ ઉર્જા સપ્લાય કરશે. આ નવો પ્રોજેક્ટ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરમાં વ્યાપારી ધોરણે કામગીરી શરૂ કરે તેવી સંભાવના છે. મોટા પાયે પવન, સૌર, હાઈબ્રિડ અને ઉર્જા સંગ્રહ પ્રકલ્પોના કામકાજ માટે કંપનીની પુરવાર થયેલી ક્ષમતાઓ સાથે વાણિજ્યિક અને ઔદ્યોગિક ગ્રાહકોને તેઓની ઉર્જાની જરુરિયાતોને પહોંચી વળવા સાથે આ ગ્રાહકોની કાર્બનની ફુટપ્રિન્ટને ઘટાડવા માટે જરુરી સેવાઓ પૂરી પાડવા અદાણી સારી રીતે સજ્જ છે. આગળ જતાં ઉદ્યોગોને ડીકાર્બનાઈઝ કરવામાં સહાયરુપ થવા અદાણી મર્ચન્ટ અને C&I ક્ષેત્રો ઉપર વધુ લક્ષ્ય આપવા યોજના ધરાવે છે. આનૂતન સહયોગ ભારતમાં કલાઉડ સેવાઓ અને કામગીરીને સ્વચ્છ ઉર્જા દ્વારા સમર્થિત છેતેની ખાતરી કરવા સાથે ગુગલના અવિરત કાર્બન-મુક્ત ઉર્જાના ધ્યેયને આગળ વધારવામાં મદદ કરશે અને આમ ગુગલના ભારતમાં ટકાઉ વિકાસમાં યોગદાન આપશે.

# ITCની સનફીસ્ટ ડાર્ક ફેન્ટસીએ બાળકોની કલ્પનાને ઉત્તેજીત કરવા માટે 'બિગ ફેન્ટસીઝ' શરૂ કરી

**ભાવિ તકનીક સાથે કલાનું મિશ્રણ, આ પહેલનો હેતુ બાળકો માટે કલ્પનાની નવી દુનિયા ઉભી કરવાનો છે : પસંદગીના બાળકોને નાસાની મુલાકાત લેવાની તેમની કલ્પના પૂર્ણ થશે**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૪

ભારતની સૌથી પ્રિય કૂકી બ્રાન્ડ્સમાંની એક ITC સનફીસ્ટ ડાર્ક ફેન્ટસી છે, જે રોજિંદી ક્ષણોને અસાધારણ અનુભવોમાં ફેરવવા માટે જાણીતી છે. ITC સનફીસ્ટ ડાર્ક ફેન્ટસીએ નવીનતા-આધારિત, "બિગ ફેન્ટસીઝ : તમારી કલ્પનાને પાંખો આપો" નવીનતમ પહેલની જાહેરાત કરી છે. આ પહેલ સાથે બ્રાન્ડનો ઉદ્દેશ્ય કલાને ટેકનોલોજી સાથે જોડીને બાળકોમાં સર્જનાત્મકતા અને કલ્પનાને પ્રજ્વલિત કરવાનો છે.

આ અનોખી અને દૂરંદેશી ધરાવતી વિચારસરણીની પહેલ સેન્ટ જોસેફ સ્કૂલ, બેંગલુરુ ખાતે બાળકો, તેમના માતા-પિતા અને આદરણીય મહેમાનોની હાજરીમાં શરૂ કરવામાં આવી હતી. આ ઈવેન્ટમાં "બાળકોની કલ્પનાને પ્રજ્વલિત કરવાનું મહત્વ" ઉપર વિગતવાર પેનલ ચર્ચા પણ જોવા મળી હતી. જેમાં અવકાશ સંશોધન, શૈક્ષણિક, મનોવિજ્ઞાન અને સર્જનાત્મક કળાના ક્ષેત્રોની અગ્રણી વ્યક્તિઓ દર્શાવવામાં આવી હતી. પેનલ ચર્ચા માટે અતિથિ વિશેષ સુશ્રી મંદિરા બેદી, શ્રી પ્રકાશ રાવ (ભૂતપૂર્વ ઈસરોના ડિરેક્ટર), ડૉ. મેઘા મહાજન (DM-NIMHANS) અને રેવ. ફા. રોહન ડી'આલ્મેડા (પ્રિન્સિપાલ, સેન્ટ જોસેફ સ્કૂલ) જેવા જાણીતા વ્યક્તિત્વો સામેલ હતા. પેનલે પ્રકાશિત કર્યું કે કેવી રીતે કલ્પના એ બાળકના સર્વાંગી વિકાસનું મૂળભૂત પાસું છે અને તે સર્જનાત્મકતા અને સમસ્યા હલ કરવાની કુશળતાને કેવી રીતે ઉત્તેજન આપે છે અને તેમને નવા વિચારો પ્રજ્વલિત કરવામાં અને પડકારોને દૂર કરવામાં મદદ કરે છે. ISRના ભૂતપૂર્વ ડિરેક્ટર પ્રકાશ રાવે સર્જનાત્મકતા અને ટેક્નોલોજી અને ભાવિ પેઢીઓને ઘડવામાં કલ્પનાની ભૂમિકા વચ્ચેના સમન્વય વિશે વાત કરી હતી.

ITC લિમિટેડના સીઓઓ, બિસ્કિટ અને કેક્સ ક્લસ્ટર, ફૂડ્સ ડિવિઝન અલી હેરિસ શેરેએ નવી પહેલના લોન્ચ પર જણાવ્યું હતું કે "ITC સનફિસ્ટ ડાર્ક ફૅન્ટેસી ખાતે, અમે માનીએ છીએ કે બાળકોના જીવનને સાધારણમાંથી ખરેખર અસાધારણ બદલાવ માટે કાલ્પનિક અને કલ્પના શક્તિ મહત્વપૂર્ણ છે. 'બિગ ફેન્ટસીઝ' સાથે અમને ભારતમાં ટેક ઓન વ્હીલ્સની પહેલાં ક્યારેય ન જોયેલી ટેકનોલોજી લાવવાનો ગર્વ છે, જે બાળકોને પોતાની જાતને વ્યક્ત કરવા અને તેમની કલ્પનાઓને જીવંત જોવા માટે એક અનોખું પ્લેટફોર્મ પ્રદાન કરે છે. અમે દેશભરના યુવા દિમાગમાં અજાયબી અને નવીનતાની ચિનગારીને પ્રજ્વલિત કરવા માટે ઉત્સાહિત છીએ, તેઓને મોટા થતાંની સાથે અમર્યાદિત શક્યતાઓનું અન્વેષણ કરવા માટે પ્રેરણા આપીએ છીએ."

અનોખી પહેલ "ફેન્ટેસી સ્પેસશીપ" દ્વારા બાળકોમાં અસંખ્ય કલ્પનાને ઉજાગર કરવા માટે અદ્યતન ટેકનોલોજી નો ઉપયોગ કરવાની ઈચ્છા ધરાવે છે, જે વિસ્તૃત ઈન્ટરેક્ટિવ સ્ક્રીનોથી સજ્જ બસ ભારતભરની શાળાઓમાં જશે. અત્યાધુનિક ટેકનોલોજીના સંયોજન દ્વારા સંચાલિત, તે બાળકોના હાથથી દોરેલી ડિઝાઈનને વાઈબ્રન્ટ ડિજિટલ સર્જનમાં રૂપાંતરિત કરે છે, તેમના મૂળ આકર્ષણને જાળવી રાખે છે. એકવાર સ્કેન કર્યા પછી, તેમની આર્ટવર્ક ડિજિટલી ૩ઙ ઈન્ટરેક્ટિવ અક્ષરોમાં રૂપાંતરિત થશે, જે ફેન્ટસી સ્પેસશીપની અંદર મોટી ટચ સક્ષમ સ્ક્રીન પર પ્રદર્શિત થશે.

આ અભિયાન બેંગ્લોરથી શરૂ થશે અને ટૂંક સમયમાં જ રાષ્ટ્રીય સ્તરે શરૂ કરવામાં આવશે. આ નવી પહેલ સાથે, બ્રાન્ડનું મિશન દેશભરના બાળકોની 'કલ્પના'ને પ્રજ્વલિત કરવાનું છે. કલા, વિજ્ઞાન અને ટેક્નોલોજીનું મિશ્રણ કરીને આ કાર્યક્રમ સમગ્ર ભારતમાં બાળકો માટે એક ઈમર્સિવ સ્પેસ અનુભવ બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, કારણકે તેઓ તેમની કલ્પનાને વાસ્તવિકતામાં ફેરવતા જુએ છે. એક જાદુઈ વળાંક ઉમેરવા માટે, સનફીસ્ટ ડાર્ક ફેન્ટસીએ ઈવેન્ટ દરમ્યાન એક ભવ્ય ભેટનું અનાવરણ કર્યું, જેમાં પસંદગીના બાળકોને NASAની મુલાકાત લેવાની તક આપવામાં આવી અને તેમના સપના વાસ્તવિક-અવકાશ સંશોધનની દુનિયામાં જીવંત થયા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

# ઈન્સ્ટાગ્રામ ઉપર ગેમિંગ એપ બાબતે ઓનલાઈન છેતરપિંડી કરનાર આરોપીને જયપુરથી દબોચી લેવાયો

## ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાનું કહીને છેતરપિંડી આચરનારા શખ્સની અટકાયત : સાયબર સેલ પોલીસ ટીમની કાર્યવાહી




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

ઓન લાઈનના વિવિધ પ્રકારે આચરવામાં આવતા ગુના તેમજ ઠગાઈના અલગ અલગ પ્રકારના કેસો દિવસે દિવસે વધી રહ્યા છે. ત્યારે આવા કેસોના નિકાલ તેમજ આરોપીઓને દબોચી લેવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાની સાયબર ક્રાઈમ સેલ પોલીસ દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી રહી છે. જે સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના એક આસામીને ઈન્સ્ટાગ્રામ પર ગેમિંગ આઈડી વેચવાની જાહેરાત સંદર્ભે વિશ્વાસમાં લઈ, અને તેની સાથે છેતરપિંડી થયાનો બનાવ થોડા સમય પૂર્વે સાયબર ક્રાઈમ સેલ પોલીસ સમક્ષ નોંધાવવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં અહીંના જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ જિલ્લા સાયબર ક્રાઈમ વિભાગે મૂળ સુધી પહોંચીને આખા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. જે સંદર્ભે સાયબર સેલ પી.આઈ. વી.કે. કોઠીયા તેમજ તેમની ટીમ દ્વારા રાજસ્થાન રાજયના સવાઈ માધોપુર તાલુકાના શેરપુર ગામના મૂળ રહીશ એવા ભગવાનદાસ કજોડસિંહ પહાડિયા નામના ૨૪ વર્ષના શખ્સને જયપુર (રાજસ્થાન) ખાતેથી ઝડપી લીધો હતો. બી.એ. સુધી અભ્યાસ કરી ચૂકેલા અને હાલ કોઈપણ જાતની ધંધાકીય પ્રવૃત્તિ ન કરતા આરોપી ભગવાનદાસ પહાડિયા દ્વારા ઈન્સ્ટાગ્રામ પર ફેક એકાઉન્ટ બનાવી અને ગેમિંગ આઈ.ડી. વેચવાની જાહેરાત મૂકીને અરજદાર આસામી પાસેથી ગેમિંગ આઈ.ડી.ના નાણા મેળવીને છેતરપિંડી આચરવામાં આવતી હોવાની કબુલાત તેણે પોલીસ સમક્ષ આપી હતી. ઝડપાયેલા આ શખ્સ પાસેથી પોલીસે રૂપિયા ૧.૨૦ લાખની કિંમતનો આઈફોન કબજે લીધો છે. ઓન લાઈન ફ્રોડના વધુ એક કિસ્સામાં ઓખા મંડળમાં રહેતા એક આસામીને ફોન પર તેમની ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાનું કહી અને વિશ્વાસમાં લીધા બાદ ઓટીપી મેળવીને તેમની તેમના બેક્ર એકાઉન્ટમાંથી રૂા.૫૮,૦૦૧ની રકમ સેરવી લઈ લેવા સબબ ઓખા મરીન પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. છેતરપિંડીના આ કેસમાં સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ આદરીને મહારાષ્ટ્ર રાજયના પુણે જિલ્લાના ગંગાનગર ખાતે રહેતા વિનાયક દામોદર ચૌધરી નામના ૪૬ વર્ષના શખ્સને ઝડપી લીધો હતો. માત્ર આઠ ચોપડી ભણેલા અને ખાનગી સિક્યુરિટીમાં કામ કરતા વિનાયક દામોદર ચૌધરીએ ફરિયાદીના નાણાં પોતાના એકાઉન્ટમાં જમા કરાવી અને ફ્રોડ કર્યો હોવાની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી. આ સમગ્ર કાર્યવાહી પી.આઈ. વી.કે. કોઠીયા, પી.એસ.આઈ. એસ.વી. કાંબલીયા, હેડ કોન્સ્ટેબલ હેમંતભાઈ કરમુર, હેભાભાઈ ચાવડા, ધરણાંત બંધીયા, મુકેશભાઈ કેસરિયા, પબુભાઈ ગઢવી, રાજુભાઈ ઢેબાણીયા, દિવ્યરાજસિંહ ઝાલા અને અજયભાઈ વાઘેલા દ્વારા કરવામાં આવી હતી. ઓન લાઈન પેમેન્ટ તથા ખરીદીના કિસ્સામાં ખાસ તકેદારી રાખવા તેમજ કોઈપણ પ્રકારના ઓટીપી શેર ન કરીને સોશિયલ મીડિયા ઉપર ફરતી રહેતી લોભામણી જાહેરાતોથી દૂર રહેવા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાની જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

## તંત્રી લેખ

# છીછરું રાજકારણ

બિહારના નવાદા જિલ્લામાં દલિતોના ઘરોમાં આગચંપીની ઘટના જેટલી દુર્ભાગ્યપૂર્ણ અને ચિંતાજનક છે, એટલી જ શરમજનક છે એ ઘટના પર કરાઈ રહેલી હલકટ રાજનીતિ. આ ઘટનાને લઈને એવો માહોલ બનાવીને દેશને ગુમરાહ કરવામાં આવી રહ્યો છે કે દબંગોએ દલિતોનાં ઘરોને આગ ચાંપી દીધી, કારણ કે તથ્ય એ છે કે આઘટના દલિતોના બે વર્ગો વચ્ચેના વિવાદનું પરિણામ છે. તેમાં પીડિત પક્ષના લોકો મુસહર જાતિના છે, જેમને બિહારમાં મહાદલિત કહેવામાં આવે છે અને આગચંપી કરનારા પાસવાન જાતિના, જે દલિત છે. આમ ઘટનામાં પીડિત પણ દલિત છે અને ઉત્પીડક પણ દલિત જ છે! તેમ છતાં વિરોધ પક્ષોએ તેમાં છીછરું રાજકારણ ઘુસાડીને દેશમાં આગ લગાવવાનો પ્રયાસ કર્યો છે. આ ઘટનાના મૂળમાં જમીનને લઈને બે પક્ષો વચ્ચેનો વિવાદ છે, જે લાંબા સમયથી ચાલતો આવ્યો છે અને જે ન્યાયાલય સમક્ષ પણ વિચારાધીન છે. આ ઘટના સામે આવતાં જ એનડીએ વિરોધી પક્ષોના નેતાઓએ જે પ્રકારે નિવેદનો આપ્યાં, તેનાથી જો કંઈ સ્પષ્ટ થાય છે તો એ જ કે જાતીય વૈમનસ્ય ભડકાવવાનું બેહદ હલકી કક્ષાનું અને ખતરનાક રાજકારણ રમાઈ રહ્યું છે. નવાદાની ઘટનાને લઈને જાતીય વૈમનસ્ય ભડકાવવાનું કામ કેવી રીતે કરાઈ રહ્યું છે તેની જાણ કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીના એ કથનથી થાય છે કે આ ઘટના બહુજનો વિરુદ્ધ અન્યાયની ડરામણી તસવીર ઉજાગર કરી રહી છે! શું રાહુલ ગાંધીએ પાસવાન સમાજને બહુજનોની યાદીમાંથી બહાર કરી દીધા? જો બહાર કરી દીધા હોય તો કેમ અને કેવી રીતે? આ જ પ્રશ્ન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પણ કરવો જોઈએ, જેમણે રાહુલ ગાંધીની હામાં હા કરીને એક નિવેદન ભરડી માર્યું. સમજી શકાય કે તેમની બિચારાની મજબૂરી હશે, પરંતુ તેઓ ખુદ અનુસૂચિત જાતિના છે અને તેમને તો વસ્તુસ્થિતિનું જ્ઞાન હોવું જ જોઈએ!

રાહુલ ગાંધીએ નવાદાની ઘટના પર એમ પણ કહ્યું કે ભાજપ અને તેના સહયોગી પક્ષોના નેતૃત્વમાં એવા અરાજક તત્ત્વો શરણ પામે છે, જે ભારતના બહુજનોને ડરાવે-દબાવે છે, જેથી તે પોતાના સામાજિક અને બંધારણીય અધિકાર પણ માગી ન શકે. તેઓ આટલેથી જ ન અટક્યા, તેમણે એમ પણ કહી નાખ્યું કે વડાપ્રધાનનું મૌન આ મોટા ષડયંત્ર પર સ્વીકૃતિની મહોર છે! તેમનું માનીએ તો બહુજનો વિરુદ્ધ કોઈ ષડયંત્ર રચવામાં આવ્યું છે, જેમાં વડાપ્રધાન પણ સામેલ છે. તેમના આ બાલિશ નિવેદન પર હસવું જ આવે! નવાદાની ઘટનાના દોષીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી જરૂરી છે, પરંતુ તેની નિંદા કરવાના બહાને સામાજિક તાણાવાણામાં આગ લગાડવાની પરવાનગી કોઈને આપી ન શકાય. દુર્ભાગ્યે રાહુલ ગાંધી એક લાંબા સમયથી જ આ જ કામ કરી રહ્યા છે. તેઓ ક્યારેક જાતિ જનગણના અને ક્યારેક અનામતની તરફદારી કરવાના બહાને દેશની સામાજિક એક્તા પર પ્રહાર કરી રહ્યા છે. જે લોકો એસસી-એસટી અનામતના ઉપવર્ગીકરણના વિરોધમાં ઊભા થયા છે, તેમને નવાદાની ઘટનાથી એ પણ સજાઈ જાય તો સારું કે એસસી-એસટી સમાજની જાતિઓમાં એવી એક્તા નથી, જેવી તેઓ પોતાની રાજનીતિ ચમકાવવા માટે જણાવી રહ્યા છે.

# ખંભાળિયામાં સર્વે પિતૃ મોક્ષાર્થે જાયન્ટસ ગ્રુપ દ્વારા સમૂહ ભાગવત સપ્તાહનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા જાયન્ટસ ગ્રુપના ઉપક્રમે આગામી તારીખ ૨૫ નવેમ્બરથી તારીખ ૧ ડિસેમ્બર સુધી અત્રે બંગલા વાડી - શક્તિનગર વિસ્તારમાં આવેલી ઔદિચ્ય ગોહિલ વાડી બ્રહ્મ સમાજની વાડી ખાતે સમૂહ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સર્વે પિતૃ મોક્ષાર્થે યોજવામાં આવેલી આ ભાગવત સપ્તાહમાં જાણીતા કથાકાર શાસ્ત્રી વિજયભાઈ ડી. ભટ્ટ (મુંબઈવાળા) બિરાજીને કથામૃતનું રસપાન કરાવશે. આ ભાગવત સપ્તાહમાં ભોજન પ્રસાદીના દાતા ભામાશા ભીખુભા હરિસિંહ વાઢેરના સહયોગથી ભોજન પ્રસાદીનું આયોજન કરાયું છે. આ સમૂહ ભાગવત સપ્તાહમાં રૂ. ૭,૫૫૧ ભરીને પોથી નોંધાવી શકાશે. જે માટે તા. ૧ નવેમ્બર સુધીમાં રમેશભાઈ ભાદરકા (મો. ૯૯૭૯૨૪૧૩૦૬), રવિભાઈ દવે (૯૪૦૮૩૨૧૬૨૨), વિજયભાઈ નકુમ અને ઈલાબેન વાઢેરનો સંપર્ક સાધવા સંસ્થાના પ્રમુખ હિતિશા (હેલી) સંદીપ ખેતીયા અને મહામંત્રી બીનલબેન જોશી દ્વારા ધર્મપ્રેમી જનતાને અપીલ કરવામાં આવી છે.

# વિસાવદર કોર્ટમાં "સ્વચ્છતા હી સેવા -૨૦૨૪"ની ઝૂંબેશ હેઠળ ગાંધીજયંતીની પૂર્વ સંધ્યાએ શિબિર યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૪

નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવાસત્તામંડળ, અમદાવાદની ગાઈડલાઈન મુજબ અધિક જિલ્લા ન્યાયાધીશ જે.એલ.શ્રીમાળી સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં વિસાવદરના મુખ્ય સિવિલ જજ એસ.એસ.ત્રિવેદીના માર્ગદર્શન તથા સૂચના મુજબ પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૫મી જન્મ જયંતીની પૂર્વ સંધ્યાએ એક શિબિરનુ વિસાવદર કોર્ટમાં આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બન્ને ન્યાયાધીશઓ તમામ વકીલો, કોર્ટ સ્ટાફ તથા વિસાવદર તાલુકાના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જુદા જુદા વકતાઓ દ્વારા સ્વચ્છતા અભિયાન વિશે માહિતી આપવામાં આવેલ હતી. વિસાવદર કોર્ટના યોજાયેલ "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" ના કાર્યક્રમમાં વિસાવદરના મુખ્ય સિવિલ જજ ત્રિવેદીએ મહાત્મા ગાંધીજીનું દ્રષ્ટાંત આપી સૌને સ્વચ્છગ્રાહી અને સ્વચ્છતાના સૈનિક બનવાની અપીલ કરી જણાવેલ કે નામદાર હાઈકોર્ટ દ્વારા જે કાર્યક્રમ આપવામાં આવેલ છે તે મુજબ આપણે આપણા ઘર, કોર્ટ, ઓફીસ કે ધંધાના સ્થળે તથા દરેક જાહેર જગ્યાએ દરેક વ્યક્તિએ જાતે પોતાની જવાબદારી સમજી પ્રથમથી જ સ્વચ્છતા રાખવી જોઈએ અને જ્યાં ત્યાં ગંદકી કરવી જોઈએ નહીં આવી ગંદકીથી મચ્છર જન્ય રોગનો ફેલાવો થાય લોકોના આરોગ્ય ઉપર તેની અસર થાય તેમજ લોકોનું આરોગ્ય જોખમાય છે દરેક વ્યક્તિ દ્વારા આ બાબતની કાળજી રખાય તે જરૂરી છે તેમજ આ બાબતે સરકાર કહે તે પહેલાં જ સાફ સફાઈ જાતે જ કરવી જોઈએ તેવું જણાવેલ હતું. જો કે વિસાવદર કોર્ટના ન્યાયાધીશઓ દ્વારા કોઈપણ વ્યક્તિ કોર્ટ પ્રિમાઈસીસમાં પાન, માવો કે ગુટખા ખાઈને આવે નહિ તે માટે ખાસ કાળજી રાખવા સતત સૂચનાઓ અપાય છે અને તેના કારણે કોર્ટ અને તેની આસપાસમાં ચોખ્ખાઈ જળવાઈ રહે છે. આ કાર્યક્રમમાં બાર એસોસિએશન ના સિનિયર ધારાશાસ્ત્રી ભાસ્કરભાઈ જોશી, રાજુભાઈ દવે, અશ્વિનભાઈ દુધરેજીયા, નયન જોશી, વીજય જેઠવા, કમલેશ જોશી, શરદ જોશી, હરેશ સાવલિયા, મનીષ ડોબરીયા, ભાવેશ રીબડીયા, મહેશ હીરપરા, અતુલ દવે, દિલીપ ધાધલ તથા વિસાવદર કોર્ટના રજિસ્ટ્રાર એસ.જે. લક્કડ તથા કોર્ટ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વિસાવદર કોર્ટની ગણતરી અન્ય સરકારી કચેરીઓના પ્રમાણમાં સૌથી સ્વચ્છ અને સાફ સફાઈ વાળા બિલ્ડીંગ તરીકેની કરવામાં આવે છે, કોર્ટ બિલ્ડિંગમાં કાયમી રીતે સાફસફાઈ કરવામાં આવે છે અને નિયમિત રીતે નીકળતો કચરો પણ નગરપાલિકા દ્વારા એકત્રિત કરી લેવામાં આવે છે, જે અંગે ન્યાયાધીશઓ પણ હરહંમેશ યોગ્ય સૂચનાઓ અને હુકમો કરે છે. વિસાવદર કોર્ટમાં "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" અંતર્ગત વિસાવદર તાલુકા કાનૂની સેવા સમિતિના સેક્રેટરી ચંદુભાઈ ભટ્ટીના જણાવ્યા અનુસાર સમગ્ર સપ્તાહ દરમ્યાન શહેરની સુખાકારી માટે વિવિધ જગ્યાઓ તથા સરકારી કચેરીઓમાં જાતે જઈ મામલતદાર કચેરી, વિવિધ બેંકો તથા અન્ય સરકારી અર્ધ સરકારી કચેરીઓમાં પણ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદની ગાઈડ લાઈન મુજબ "સ્વચ્છતા હી સેવા ઝૂંબેશ" હેઠળ વિસાવદર કોર્ટના મુખ્ય સિવિલ જજ ત્રિવેદી સાહેબના માર્ગદર્શન મુજબ જાતે હાજર રહી કોર્ટ સ્ટાફ સાથે જઈ વિવિધ કચેરીઓમાં પણ સ્વચ્છતાનું મહત્વ સમજાવી સાફ સફાઈ કરવામાં આવેલ છે.

# કલ્યાણપુરના બાંકોડી ગામે યુવાનનું ડૂબી જતા મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

કલ્યાણપુર તાલુકાના બાકોડી ગામે રહેતા હાર્દિક નારણભાઈ બેડીયાવદરા નામના ૨૩ વર્ષના યુવાન ગત મોડી સાંજે બાકોડી ગામે આવેલા ખીજડીયા વાડી વિસ્તારમાં એક કૂવામાં પડી ગયા હોવા અંગેની જાણ સ્થાને સરપંચ ડાડુભાઈ દ્વારા ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર અધિકારી મીતરાજસિંહ પરમારની સૂચના મુજબ ફાયર સ્ટાફના જીતેન્દ્રસિંહ વાઢેર તેમજ બ્રીજરાજસિંહ સરવૈયા અને વિવેક માડમની ટીમ આ સ્થળે દોડી ગઈ હતી અને આશરે ૭૦ ફૂટ ઉંડા પાણી ભરેલા કુવામાંથી હાર્દિકભાઈ બેડીયાવદરાના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યાર બાદ પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે દેવ પિતૃકાર્ય અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડવા પિતુ તર્પણ કરવા માનવ મહેરામણ છલકાયો




(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૪

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીય ખાતે દેવ પિતૃકાર્ય અમાસ નિમિત્તે મોક્ષ પીપળે પાણી રેડવા, પુજા અર્ચના, પિતૃ તર્પણ કરવા માટે માનવ મહેરામણ ઉમટયો હતો સાથે સાથે પિતુઓને પીપળે પાણી રેડવાનું અનેરૂ મહત્વ છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે ભાદરવા માસ દરમ્યાન રોજ હજારોની સંખ્યામાં યાત્રાળુઓ મોક્ષ પીપળે પાણી રેડવા માનવ મહેરામણ ઉમટે છે. મોક્ષ પીપળે ઓમ સર્વે પિનુભયો નમઃ બોલી પિતૃઓના આત્માને શાંતિ માટે પોત પોતાના પિતૃઓનું નામ લઈને મોક્ષ પીપળે પાણી રેડી પિતૃઓને આત્માને શાંતિ માટે ૧૦૮ પ્રદિક્ષણા કરીને પુણ્યનું ભાથું બાંધે છે. અમાસ હોવાથી તીર્થ સ્થાનનું પણ અનેરૂ મહત્વ હોય છે આ દિવસે દાનનું પણ અનેરૂ મહત્વ રહ્યું છે, જેનુ અનેક ગણું ફળ મળે છે અને પિતૃદોષ નિવારણ માટે ઉત્તમ દિવસ ગણાય છે.

પ્રાચી તીર્થના ભુદેવો દ્વારા જણાવ્યા મુજબ પ્રાચી તીર્થ ની પવિત્ર ભૂમિ ઉપરથી પસાર થતી પવિત્ર સરસ્વતી નદી વહે છે, જે જગતની એક માત્ર નદી છે, જે પૂર્વ દિશામાં સૂર્યની સામે વહે છે, જેથી આ પવિત્ર સરસ્વતી નદીને પૂર્વ વાહીની નદી કહેવાય છે.

આ પ્રાચી તીર્થની ભૂમિ ઉપર ધર્મરાજ યુધિષ્ઠિરે પિતૃ તર્પણ કર્યુ હતું. આ તીર્થ ક્ષેત્રમાંથી પસાર થતી સરસ્વતી નદીમાં સ્નાન કરવાથી અને ધર્મરાજા એ વાવેલા મોક્ષ પીપળાને પાણી રેડવાથી પિતૃ તર્પણનું કાશી કરતા પણ અનંતગણું પુણ્ય પ્રાપ્ત થાય છે. શ્રીમદ ભાગવતપુરાણ મુજબ કે મૃતક પાછળ આત્માન મુક્તિ અર્થે થતા કર્મકાંડ માટેના ઉત્તમ પ્રભાસક્ષેત્ર સ્થાન પામે છે. આ પ્રાભાસક્ષેત્રમાં હારક, સોમનાથ અને પ્રાચી તીર્થનો સમાવેશ થાય છે.

આ પ્રાચી તીર્થમાં મીક્ષ ભગવાન શ્રી કૃષ્ણ એ પીપળા નીચે યદુકુળનો મોક્ષ કર્યો હતો તેમજ આ મોક્ષ પીપળા નીચે શ્રી મહાપ્રભુજી ભગવાને ઉધ્ધવને છેવટનું જ્ઞાન આપ્યું હતું. શ્રી કૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા પછી પ્રાચીથી પસાર થતી પવિત્ર સરસ્વતી નદી કિનારે માધવરાયજી સ્વરૂપે પ્રગટ થયા સ્વત્યેવો વિષ્ણુરૂપાય નમ છે. હતા જે હાલ સરસ્વતી કિનારે જાંબુડાના ઝાડ નીચે બિરાજમાન છે. હાલમાં પણ સરસ્વતી નદીમાં નવા નીર આવે એટલે સરસ્વતી નદી માધવરાયાજી તેમજ લક્ષ્મીજીના ચરણ સ્પર્શ કરી આગળ વધે છે, જેથી ચોમાસાના ત્રણથી ચાર મહિના માધવરાયજી મહારાજ જળમગ્ન રહે છે તેમજ પ્રાચી તીર્થમાં ઘણા નાના મોટા મંદિરો છે, જેમાં સરસ્વતી ઘાટ ઉપર અન્નપૂણા માતાજી તેમજ વાઘેશ્વરી માતાજીનું મંદિર આવેલું છે તેમજ સરસ્વતી નદી કિનારે પાંડવો વખતના છ-છ શિષ મંદિર આવેલા છે, જેમાં વિઠલેશ્વવર મહાદેવ, દેવ દેવેશ્વર મહાદેવ, ગોવિંદેશ્વર મહાદેવ, અર્જુનેશ્વર મહાદેવ, શિહેસ્વર મહાદેવ અને પૃથર્વેશ્વર મહાદેવના મંદિર આવેલા છે, જે યાત્રીઓ માટે અતિ પ્રચલિત છે. પ્રાચી તીર્થ ની પવિત્ર ભૂમિપરપિતૃ શ્રહકાયું સ્થળોમાં ભાદરવ માસમાં ગુજરાતભરમાંથી પોતાનાપિતૃના મોક્ષાર્થે પ્રાચી તિર્થ ક્ષેત્રમાં ભારે ધસારો રહે છે, જેમાં ચૈત્ર માસ, કારતક માસ, ભાદરવો પાસ, શ્રાવણ માસમાં પિતૃ કાર્ય માટે અતિ પ્રચલિત હોવાથી માનવ મેદની ઉમટે છે. પિતૃઓના મોક્ષાર્થે આ ભાદરવી પૂનમના દિવસે અનેરૂ મહત્વ હોવાથી મોક્ષ પીપળે પાણી રેડવા અને પિતૃ કાર્ય કરાવવા માટે દૂર દૂર ભાવિકો ઉમટયા હતા તેમજ આ પ્રાચી તીર્થના બ્રાહ્મણો દ્વારા પિતૃ મોક્ષાર્થે વિધિ કરાઈ છે, જેમાં નારાયણ બલી, પ્રેત બળી, અબુ ગ્રાહ, વિલ કાર્ય, ત્રીપિંડી, સર્વે પિતૃ શ્રાહ, કાલ સર્પ યોગ વગેરે કર્મ કાંડ વિધિ થાઈ છે અને બહારથી આવતા યાત્રીઓ માટે રહેવા માટે દરેક સમાજની વાડીઓ છે, જેમાં કોળી સમાજ, લોહાણા સમાજ, બ્રહ્મ સમાજ, સાધુ સમાજ, કારડીયા રાજપૂત સમાજ વગેરે સમાજની ધર્મશાળાઓ હોવાથી યાત્રીઓને રહેવાની તેમજ વિધિ કરવા માટેની અનુકૂળ જગ્યા મળી રહે છે. પ્રાચી તીર્થમાં યાત્રીઓનો ધસારો વધુ હોવાથી નાના મોટા વેપારીઓ પોતાની રોજી રળવા પ્રાચી તીર્થમાં નાના મોટા સ્ટોલ રાખી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમજ પ્રાચી તીર્થમાં મોક્ષ પીપળે પાળી રેડવા આવતા યાત્રિકો માટે પાણીની વ્યવસ્થા બ્રહ્મ સમાજ તથા સાધુ સમાજ દ્વારા કરવામાં આવે છે તેમજ પ્રાચી તીર્થમાં પધારતા યાત્રીઓ સરસ્વતી ઘાટમાં સ્નાન કરી મોક્ષ પીપળે પાણી રેડી પૂજા અર્ચના કરી પિતૃઓના મોક્ષાર્થે દાન દક્ષિણા આપી પુણ્યનું ભાથું બાંધે છે. અમાસ હોવાથી ભાવ ભક્તિ કરતા ભજનના ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ધન્યતા અનુભવે છે અહીં સુત્રાપાડા પોલીસ સ્ટાફ દ્વારા પણ ખડે પગે રહીને ટ્રાફિક ન થાય તે સુંદર કામગીરી કરવામાં આવી હતી.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# ખંભાળિયામાં મોટા વૃક્ષ ઉપર ફસાયેલા અલભ્ય પક્ષીનું રેસ્ક્યુ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ખંભાળિયાના જોધપુર ગેઈટ વિસ્તારમાં આવેલા એક સરકારી ક્વાર્ટરમાં મોટા વૃક્ષ ઉપર ખૂબ જ ભાગ્યે જ જોવા મળતા વિદેશી પક્ષી એવા બ્લેક ઈબિસ ફસાઈ જતા આ અંગે સ્થાનિકો દ્વારા અહીંની પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને જાણ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને સંસ્થાના સભ્યોએ ઝાડ ઉપર ચડીને સાવચેતીપૂર્વક આ બ્લેક ઈબિસ નામના પક્ષીને નીચે ઉતાર્યું હતું. આ પક્ષીના પગમાં દોરા ફસાઈ જતા તે ઉડી શકતું ન હતું. જેમાંથી મુક્ત કરી અને આ પશુને નજીકની પશુ હોસ્પિટલ ખાતે સારવાર કરાવી હતી. સાથે સાથે સુરક્ષાના કારણોસર તેને આઈસોલેટ કરાયું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આત્મ શુધ્ધિથી જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

- મહાત્મા ગાંધી

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૨ ચંદ્રદર્શન તા.૪ ઓક્ટોબર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૩૦, ચિત્રા નક્ષત્ર, વૈધૃતિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૪, સૂ.અ.૬:૩૫


આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ આપની ઈચ્છા અટકીને પૂર્ણ થાય. કાર્યબોજમાં વધારો થાય.
વૃષભ:શેર-સટ્ટા, જુગારથી દૂર રહેવું. વ્યાપારમાં તેજી રહે.
મિથુન:સંપત્તિને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલવર્ગથી લાભ થાય.
કર્કઃ નોકરીયાત વર્ગને બઢતી-બદલીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય.
સિંહઃ કૌટુંબિક વિવાદના ભોગ બનવું પડે. માંગલિક કાર્યમાં સફળતા મળે.
કન્યાઃ પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. નાણાંભીડ દૂર થાય.
તુલાઃ ખાવા-પીવામાં કાળજી રાખવી. નવિન શુભ સમાચાર મળે.
વૃશ્ચિકઃઆકસ્મીક પ્રવાસના યોગ સર્જાય. વાદ-વિવાદથી દૂર રહેવું.
ધનઃ શત્રુઓને પીછેહટ કરવી પડે. અટકેલા કામમાં પ્રગતિ થાય.
મકરઃ સ્નેહિ-મિત્રની મદદથી નાણાંકીય સમસ્યા ઉકેલાય. લાભની તક સાંપડે.
કુંભઃ અકારણ મનમાં ચિંતા અનુભવાય. કોર્ટ-કચેરીના કાર્યોથી દૂર રહેવું.
મીનઃ કોઈ નવી જગ્યાનો પ્રવાસ થાય. માનસિક પ્રસન્નતા અનુભવાય.

# રાજ્યની ગ્રાન્ટેડ તથા સરકારી હોસ્પિટલો-આરોગ્ય કેન્દ્રોના વિઝિટીંગ અને સુપર સ્પેશ્યાલિસ્ટ તબીબોના વેતનમાં વધારો



ગાંધીનગર, તા.૪

ગુજરાત સરકાર દ્વારા હેલ્થ વિભાગ માટે મહત્ત્વના નિર્ણયો કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યની ગ્રાન્ટેડ હોસ્પિટલોના વિઝિટીંગ ડોક્ટરોના વિઝીટના વેતનમાં વધારો કરવા સાથે સરકારની યોજના હેઠળ આરોગ્ય સંસ્થાઓમાં ફરજ બજાવતા વિઝીટીંગ સુપર સ્પેશ્યાલિસ્ટ તબીબોના માનદ વેતનમાં પણ વધારો કરવાનો સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે. ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. જેમાંઆ લેવાયેલા નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલોના વિઝીટીંગ ડોક્ટરોના પ્રતિ વિઝીટ માનદ વેતન દર છેલ્લે વર્ષ ૨૦૧૮માં નક્કી કરવામાં આવ્યા હતા. રાજ્યમાં સેવાભાવી ટ્રસ્ટો દ્વારા અનેક ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલો સેવાકીય હેતુસર ચલાવવામાં આવે છે. આવી હોસ્પિટલોમાં વિઝીટીંગ ડોક્ટરની સેવા સરળતાથી મળી રહે તે માટે માનદ વેતનના દરમાં વધારો કરવા વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. રજૂઆતોને ધ્યાને લઈ વેતનમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. જે મુજબ વિઝીટીંગ ડોક્ટરનો આશરે ૫૦ કિ.મી. સુધીના અંતર માટે માનદ વેતનનો દર અત્યારે રૂ.૭૦૦ છે, જે હવે વધારીને રૂ.૧,૦૦૦ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, ૫૧થી ૧૦૦ કિ.મી. સુધીના અંતર માટે રૂ.૮૦૦થી વધારીને રૂ.૧,૨૫૦, ૧૦૦ કિ.મી.થી વધારે અંતર માટે રૂ. ૯૦૦થી વધારીને રૂ. ૧,૫૦૦ કરવામાં આવ્યો છે. રાજ્યની સી.એમ. સેતુ યોજના અંતર્ગત ફરજ બજાવતા વિઝીટીંગ તજજ્ઞો/ સુપર સ્પેશિયાલીસ્ટડોક્ટરોના માનદ વેતનમાં વધારો કરવાના નિર્ણયમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા આ તબીબોને અગાઉ પ્રતિ કલાક અંતરના આધારે રૂ.૭૦૦થી રૂ.૯૦૦ વેતન આપવામાં આવતું હતું, જેમાં હવે વધારો કરાયો છે. પીડિયાટ્રીશીયન અને જનરલ ફિઝિશીયનને પ્રતિ દિન રૂ.૩,૦૦૦ તેમજ આ સિવાયના તમામ સુપર સ્પેશીયાલીસ્ટ ડોક્ટરોને પ્રતિ દિન રૂ.૨,૦૦૦ માનદ વેતન ચૂકવવામાં આવશે, જેની સામે આ તબીબોએ રોજની લઘુત્તમ ૩ કલાકની ફરજિયાત સેવાઓ આપવાની રહેશે. આ મહેનતાણા ઉપરાંત સર્જરીના પ્રકારને આધારે ડોકટરોને રૂ.૩૦૪થી ૨,૦૦૦ સુધીનું ઈન્સેન્ટીવ પણ મળવાપાત્ર રહેશે. સર્જરી દરમ્યાન એનેસ્થેટીસ્ટની સેવાઓ લેવામાં આવે તો આવી આવી સર્જરીની અત્યારે જે પ્રોત્સાહક રકમ છે, તે રકમની ૫૦ ટકા રકમ અલગથી એનેસ્થેટીસ્ટને આપવામાં આવશે. આ તજજ્ઞ ડોકટરો કોઈપણ મર્યાદા વગર મહિનામાં જેટલા દિવસ સેવા આપવી હોય તેટલા દિવસ સેવા આપી શકશે. રાજ્યની સરકારી તથા **GMERS** સંચાલિત સંલગ્ન હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા વીઝીટીંગ સુપર સ્પેશીયાલીસ્ટ ડોક્ટરોને અગાઉ પ્રતિ ત્રણ કલાક માટે રૂ.૨,૭૦૦ ચૂકવવામાં આવતા હતા, જેમાં વધારો કરીને હવે રોજના રૂ. ૮,૫૦૦ માનદ વેતન ચૂકવવામાં આવશે. તદ્દુપરાંત, નોન સર્જીકલ સુપર સ્પેશ્યાલીટીવાળા સ્પેશ્યાલીસ્ટને દિવસના રૂ.૮,૫૦૦ મુજબ અને મહિનામાં જેટલા દિવસ આવા તબીબો સેવા આપી શકે તેટલા દિવસ તેઓ સેવા આપી શકશે. જેની સામે આ તબીબોએ લઘુત્તમ ત્રણ કલાક ફરજિયાત સેવાઓ આપવાની રહેશે.

# રાજ્યમાં નવી નીતિ અંતર્ગત સાત મેડિકલ કોલેજ શરૂ કરવા નિર્ણય

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર ખાતે યોજાયેલી કેબિનેટ બેઠકમાં નવી મેડિકલ કોલેજ શરૂ કરવા નિર્ણય લેવાયો છે. રાજય સરકાર દ્વારા વર્ષ૨૦૧૬માં રાજયની જિલ્લા સ્તરની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરીને જે તે જિલ્લામાં હોસ્પિટલ સંલગ્ન મેડિકલ કોલેજ ખોલવા અંગેની બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજની નીતિ બનાવવામાં આવી હતી. જે અંતર્ગત રાજયમાં હાલ પાલનપુર, અમરેલી, દાહોદ, ભરૂચ અને વ્યારા એમ પાંચ સ્થળોએ બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ કાર્યરત છે. દરમ્યાન આ નીતિમાં કેટલાક સુધારા કરવામાં આવ્યા જેને લઈને રાજયમાં બોટાદ, દ્વારકા, સોમનાથ, ખેડા, છોટાઉદેપુર, મહીસાગર અને ડાંગ એમ કુલ સાત જિલ્લામાં બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે. આ મેડિકલ કોલેજો શરૂ થવાથી પ્રજાને જિલ્લા સ્તરેવધુ આરોગ્યપ્રદ સેવાઓ તજજ્ઞ ડોકટરો દ્વારા મળી શકશે. તેમ જણાવતા પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે હાલમાં કાર્યરત બ્રાઉન ફિલ્ડ નીતિમાં મહત્વના સુધારા કરવાનો રાજય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવતા તેમાં સગર્ભા મહિલાઓને પ્રસુતિ પછી ૨૦ દિવસ સુધી તથા એક વર્ષ સુધીના બાળકો માટે સંપૂર્ણ ફ્રી સારવાર આપવાની રહેશે જે માટે જરૂરિયાત મુજબનું એનઆઈસીયુ બનાવવાનું રહેશે. ડાયાલીસીસની સેવાઓ માટે ઓછામાં ઓછું ૧૦ પથારીનું યુનિટ બનાવવાનું રહેશે. શાળા આરોગ્ય કાર્યક્રમના રેફરડ વિદ્યાર્થીઓના કિસ્સામાં હૃદય, મગજ, કેન્સર અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ, કોકલીયર ઈમ્પલાન્ટ સિવાયની તમામ સારવાર ફ્રી આપવાની રહેશે. હોસ્પિટલની બ્લડ બેંક મેડિકલ કોલેજ બનાવ્યા પછી પણ ફરજિયા ચાલુ રાખવાની રહેશે તથા દર્દીની જરૂરિયાત અને અગ્રતાને ધ્યાને લઈ તમામને નિઃશૂલ્ક બ્લડ પુરૂ પાડવાનું રહેશે તથા આજુબાજુની સરકારી સંસ્થાઓને જરૂરિયાત મુજબ કોઈપણ જાતના ભેદભાવ વગર નિઃશૂલ્ક બ્લડ પુરૂ પાડવાનું રહેશે. ટ્રોમાના દર્દીઓ તથા વાહન અકસ્માતના દર્દીઓને ફરજિયાત પણે નિઃશૂલ્ક સારવાર આપવાની રહેશે. યોજના અન્વયે સંસ્થા દ્વારા હોસ્પિટલનું સંચાલન સંભાળ્યાથી નેશનલ મેડિકલ કમિશનના માપદંડો પ્રમાણે હોસ્પિટલના વિસ્તરણ કરવા ખૂટતી પથારીના બાંધકામ માટે સરકાર દ્વારા કોઈ વધારાનું અનુદાન ફાળવવામાં આવશે નહીં. જે તે હોસ્પિટલમાં રોગીઓને અપાતી સારવારની નિદાન ફી અને **PMJAY**ની ફી પેટે થતી આવકની કુલ રકમ પૈકી ૨૫ (પચ્ચીસ) ટકા રકમ જે તે હોસ્પિટલના રોગી કલ્યાણ સમિતિમાં જમા લેવાની રહેશે. જે તે હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ નવી બનાવવાની રહેશે.

# ગુજરાતના સહકાર ક્ષેત્રના ભાજપના અગ્રણીઓને આગામી દિવસોમાં પોતાના પદ ગુમાવવા પડી શકે છે !

ગાંધીનગર, તા.૪

ભારતીય રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા સમક્ષ સહકારી બેન્કોમાં ચૂંટાયેલ ડિરેક્ટરોના કાર્યકાળનો મુદ્દો ઉઠાવી બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ મુજબ ન હોવાનું જણાવતા **RBI** હરકતમાં આવી છે. જેને લઈને ગુજરાતના સહકાર ક્ષેત્રના ભાજપના અગ્રણી દિગ્ગજોને આગામી સમયમાં ફટકો પડી શકે તેમ જણાય છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલ નોટિસમાં બેન્કીંગ રેગ્યુલેશન એક્ટના અમલ અંગે કડક પગલાં લેવા હુકમ કરવામાં આવ્યો છે. આ પગલાંના કારણે અજય પટેલ, શંકર ચૌધરી, દિલીપ સંઘાણી, જેઠાભાઈ આહીર, જયેશ રાદડીયા, અરૂણસિંહ રાણા, બિપિન પટેલ, અને ડોલરભાઈ કોટેચા જેવા ભાજપના અનેક દિગ્ગજ નેતાઓને તેમની જીલ્લા સહકારી બેંકોના પદેથી દૂર થવું પડી શકે છે. આર.બી.આઈ.ની આ નોટિસ કોંગ્રેસ અગ્રણી સંદીપ માંગરોળાએ આર.બી.આઈ.ને કરેલ રજૂઆતના અનુસંધાનમાં છે, જેમાં સહકારી બેંકોમાં ડિરેક્ટરોના કાર્યકાળ અને પારદર્શકતા સંબંધિત મુદ્દાઓને ઉપસ્થિત કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત બેન્કીંગ રેગ્યુલેશન એક્ટની જોગવાઈઓનો ભંગ કરી નિયામક મંડળમાં આઠ વર્ષથી વધુ સમય માટે પોતાના હોદ્દા ઉપર રહી શકે નહીં તેમ છતાં સરકારના આશિર્વાદથી અને રિઝર્વ બેંકે પહેરેલા કાળા ચશ્માના કારણે ૨૫ વર્ષ કરતા વધુ સમયથી હોદ્દા ઉપર બિરાજમાન ભાજપના મહારથીઓને ઘેરભેગા થવાનું નોબત ઉભી થઈ છે. રિઝર્વ બેંકે જણાવ્યું છે કે આ બાબતે યોગ્ય સમયે વધુ પગલાં લેવામાં આવશે. તેમ જણાવતા માંગરોલાએ જણાવ્યું છે કે તેઆ દ્વારા તા.૨ ઓક્ટોબર ગાંધી જયંતિના દિવસે આર.બી.આઈ. મુંબઈના હેર્ડક્વાટર ખાતે ધરણાની ચિમકી ઉચ્ચારતા આર.બી.આઈ. હરકતમાં આવી હતી.

# ઓકટોબરના પ્રથમ સપ્તાહમાં હળવા વરસાદની શક્યતા : હજુ બફારો અને ગરમી સહન કરવી પડશે

અમદાવાદ, તા.૪

હવામાન વિભાગ દ્વારા દર મહિનાની શરૂઆતમાં એક મહિના માટે વાતાવરણની આગાહી કરવામાં આવે છે, જ્યારે આ વર્ષે ઓકટોબર મહિનામાં ગુજરાત રાજ્યનું વાતાવરણ કેવું રહેશે, તે અંગે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. સામાન્ય રીતે દર વર્ષે ઓક્ટોબર મહિનાની શરૂઆતમાં જ ચોમાસુ ગુજરાતમાંથી વિદાય લે છે, તે સમય ગાળા દરમ્યાન રાજ્યનું વાતાવરણ શુષ્ક રહે છે અને ઠંડીની શરૂઆત થાય છે. ઓક્ટોબર મહિનામાં ધીમેધીમે દિવસ અને રાતની લંબાઈ એક સમાન બની જતી હોય છે, પરંતુ આ વર્ષે ઓક્ટોબર મહિનામાં સામાન્ય કરતાં વધુ તાપમાન રહેવાની શક્યતાઓ હવામાન વિભાગે દર્શાવી છે. તથા આ વર્ષે સમગ્ર દેશમાં લા નીનાની અસર વર્તાશે. ઓક્ટોબર અને નવેમ્બર માસમાં ૭૧ ટકા શક્યતાઓ છે કે નાની નાની અસર રહેશે. આગામી દિવસોમાં રાજયમાં તાપમાન ૩૬ ડિગ્રી આસપાસ રહેશે અને રાજ્યમાં બફારો તથા ગરમી સહન કરવી પડશે. ભારતીય હવામાન વિભાગ દ્વારા ઓક્ટોબર મહિનાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે, જેમાં આ વર્ષે નૈઋત્યના ચોમાસાની વિદાય સામાન્ય તારીખ મુજબ જ રહેવાની શક્યતાઓ છે. જોકે ઓક્ટોબર મહિનાના પ્રથમ સપ્તાહમાં ગુજરાતના દક્ષિણ ભાગના જિલ્લાઓમાં વર્ષી શકે છે. સામાન્ય રીતે સમગ્ર ગુજરાતમાંથી ચોમાસાની વિદાયની તારીખ ૫ ઓક્ટોબર છે, જે આ વર્ષે પણ યથાવત રહેવાની શક્યતાઓ છે, પરંતુ દક્ષિણ ગુજરાતના ભાગમાંથી હજુ ચોમાસાની વિદાય લેતા એક સપ્તાહથી વધુ સમય લાગી શકે છે, એટલે કે નવરાત્રિમાં દક્ષિણ ગુજરાતવાસીઓની મજા બગડી શકે છે. ખાસ કરીને સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે. જોકે, આ વરસાદ સામાન્ય કરતા ઓછું રહેશે. ગુજરાત રાજયમાં ઓક્ટોબર મહિનાના તાપમાન વિશે વાત કરવામાં આવે તો ભારતીય હવામાન વિભાગની એક મહિનાની આગાહી મુજબ ગુજરાત રાજ્યમાં સામાન્ય કરતાં વધુ તાપમાન રહેવાની સંભાવના છે. એટલે કે ગુજરાતવાસીઓને ઓક્ટોબર મહિનામાં પણ ગરમીનો અનુભવ થશે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં આગામી એક સપ્તાહ દરમ્યાન વરસાદમાં ભીંજવશે તથા રાજ્યના અન્ય ભાગોમાં ખાસ કરીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને મધ્ય ગુજરાતમાં વરસાદની સંભાવના નહીંવત પ્રમાણમાં છે કે એક જૂનથી લઈને ૩૦ સપ્ટેમ્બર સુધીના ચાર મહિનામાં ગુજરાત રાજયમાં સામાન્ય કરતાં ૪૮ ટકા વધુ વરસાદ નોંધાયો છે. ઓક્ટોબર મહિનાના પ્રથમ પખવાડિયા બાદ ગુજરાત રાજ્યમાં વરસાદ એવી કોઈ આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી નથી. જો કે, આ વર્ષે નૈઋત્યના ચોમાસાની વિદાય તેની સામાન્ય તારીખ મુજબ જ આગળ વધી રહી છે. કચ્છ અને ઉત્તર સૌરાષ્ટ્રના ભાગમાંથી ચોમાસા એ વિદાય લેવાની શરૂઆત કરી લીધી છે, ત્યારે આગામી સપ્તાહમાં મધ્ય ગુજરાત અને સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી પણ ચોમાસુ વિદાય લઈ શકે છે.

# ગ્રાહક અદાલતોમાં ખાલી જગ્યાઓ ભરવા બાબતે સરકારે યોગ્ય સ્પષ્ટતા નહીં કરતા હાઈકોર્ટ નારાજ



અમદાવાદ, તા.૪

ગુજરાત રાજયમાં વિવિધ જિલ્લાઓમાં ગ્રાહક તકરાર નિવારણ કમીશનમાં ખાલી પડેલી જગ્યાઓ તેમ જ ગુજરાત રાજય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ખાલી જગ્યાઓ ભરવા બાબતે થયેલી જાહેર હિતની અરજીમાં સરકાર દ્વારા રજૂ કરાયેલા સોગંદનામામાં પણ ચોક્કસ અને સ્પષ્ટ વિગતો નહી હોવાથી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે નવેસરથી સોગંદનામુ કરવા માટે આદેશ કર્યો હતો.હાઈકોર્ટે સંબંધિત ખાલી જગ્યાઓ ભરવા બે વર્ષના સમયમાં સરકાર દ્વારા શું કરાયું અને કેમ ખાલી જગ્યાઓ નથી ભરી શકાઈ તે બાબતે કોઈ જ સ્પષ્ટતા નહીં કરાઈ હોવાથી અદાલતે માંગેલી તમામ વિગતોબાબતોનો યોગ્ય જવાબ રજૂ કરવા માટે આદેશ કર્યો હતો. હાઈકોર્ટે તા.૧૧ ઓકટોબર સુધીની સરકારને સમય આપ્યો હતો. ઉપરોક્ત સંસ્થાઓમાં ખાલી પડેલી પ્રમુખ અને મેમ્બર્સની જગ્યાઓ ભરવામાં બાબતે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરી તરફથી રજૂ કરાયેલું સોંગદનામું બહુ કેઝયુઅલ રીતે દાખલ કરાયું છે તેથી રાજય સરકારના ઉદાસીન વલણને લઈ હાઈકોર્ટે નારાજગી વ્યકત કરી હતી. જો ફરીથી આ જ પ્રકારનો જવાબ ફાઈલ કરવામાં આવશે તો, અદાલત તેની ગંભીર નોંધ લેશે તેવી ચેતવણી આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે પરસોત્તમ મૂર્જાની નામના શખ્સ દ્વારા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી અને ઉપરોકત સંસ્થાઓમાં ખાલી જગ્યાઓ ભરવા માટે દાદ માંગવામાં આવી હતી. તેની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે સરકારને સોગંદનામુ કરવા માટે આદેશ કર્યો હતો. હાઈકોર્ટે સરકારના સોગંદનામાને ધ્યાને લઇ જણાવ્યું કે, સપોર્ટીંગ સ્ટાફસ્ટેનોગ્રાફરની જગ્યા ભરવા જે તે કલેકટરને તા.૨૬-૬-૨૦૨૪ના રોજ સંદેશાવ્યવહાર કરાયો હતો તે પછી શું કાર્યવાહી થઈ તે જણાવાયુ નથી. આ જ પ્રકારે આસીસ્ટન્ટ ડાયરેકટરની ૧૪ જગ્યાઓ ભરવા તા.૮-૭-૨૦૨૨ના રોજ દરખાસ્ત મોકલાઈ પરંતુ એ પછી બે વર્ષ દરમ્યાન શું થયુ તેની કોઈ માહીતિ નથી. આ ઉપરાંત શા માટે હજુ સુધી ખાલી જગ્યાઓ ભરાઈ નથી તે મામલે પણ સોગંદનામાંમાં કોઈ ખુલાસો નથી. આથી પ્રિન્સીપાલ સેક્રેટરી અને સરકાર દ્વારા નવેસરથી સોગંદનામુ કરવા માટે સમય માંગવામાં આવ્યો હતો.

# સ્ટેમ સેલ થેરાપી અંધત્વના જોખમમાં બિલાડી માટે નવી આશા લાવે છે

(એજન્સી) તા.૪

લોકમ નામની બિલાડી, જેને પ્રગતિશીલ રેટિના એટ્રોફી **(PRA)** હતી, જે રેટિનામાં ફોટોરિસેપ્ટર કોશિકાઓનું પ્રગતિશીલ અધોગતિ જે ધીમે ધીમે દ્રષ્ટિની ખોટ તરફ દોરી જાય છે, તેને દર બે અઠવાડિયે થેરાપીના બે ડોઝ આપ્યા પછી સુધારો જોવા મળ્યો. શેરીમાંથી ૫ વર્ષની બિલાડીને દત્તક લેનાર આયસે અલ્કનને લોકમમાં ફોકસની સમસ્યા જોવા મળી અને તે બિલાડીને ડોક્ટર પાસે લઈ ગઈ. તપાસ દરમ્યાન લોકમને **P.R.A.**થી પીડિત જોવા મળી હતી. અલકનને કહેવામાં આવ્યું છે કે આ રોગનો કોઈ ઈલાજ નથી અને તેની બિલાડી આખરે આંધળી થઈ જશે. તેના ઉકેલની શોધમાં, અલ્કને શોધ્યું કે સ્ટેમ સેલ થેરાપી, જેનો ઉપયોગ સામાન્ય રીતે મનુષ્યોની સારવાર માટે થાય છે, તે તાજેતરમાં પ્રાણીઓ પર પણ લાગુ થવાનું શરૂ થયું છે. તેમના સંશોધન પછી, તેમણે પશુચિકિત્સક સેમ પર્કની સલાહ લીધી. પર્કે લોકમને બે અઠવાડિયાના અંતરે સ્ટેમ સેલ થેરાપીના બે ડોઝ આપ્યા. સારવાર પછી, એવું જોવામાં આવ્યું કે લોકમની વસ્તુઓને ઓળખવાની ક્ષમતામાં સુધારો થયો છે અને તેની દ્રષ્ટિમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. પર્કે જણાવ્યું કે લોકમની સ્થિતિ સારી છે અને સારવાર વાર્ષિક ધોરણે પુનરાવર્તિત થવી જોઈએ. તેણે અહેવાલ આપ્યો કે લોકમમાં વસ્તુઓને અથડાવી, વસ્તુઓ સમજવામાં મુશ્કેલી, અંધારામાં ડરપોક વર્તન અને વિદ્યાર્થીઓના અસામાન્ય વિસ્તરણ જેવા લક્ષણો હતા. પર્કે જણાવ્યું કે ક્લિનિક જ્યાં લોકમને **P.R.A.** જ્યારે કૂતરો એડીથી પીડિત હોવાનું જાણવા મળ્યું, ત્યારે માલિકને કહેવામાં આવ્યું કે તેનો કોઈ ઈલાજ નથી, પરંતુ વેટરનરી મેડિસિનમાં સ્ટેમ સેલ થેરાપીના આગમનથી હવે આ સ્થિતિની સારવાર કરી શકાય છે. તેમણે જણાવ્યું કે આ પહેલીવાર છે જ્યારે તુર્કીમાં બિલાડી ઉપર સ્ટેમ સેલ થેરાપીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે 'ધ્યેય એવા તબક્કે રોગને પકડવાનો છે કે જ્યારે વિદ્યાર્થીઓ વિસ્તરેલ હોય અને પ્રાણી અંધારાથી ડરતા હોય અને સ્ટેમ સેલ થેરાપી દ્વારા તેની પ્રગતિ અટકાવે છે.

# અકસ્માતનો કેસ હત્યા હોવાનો દાવો ફગાવી વીમા કંપનીને વળતર આપવાના હુકમને હાઈકોર્ટની બહાલી

અમદાવાદ, તા.૪

વીમા કંપની દેખીતા મર્ડરનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગઈ જોવાથી ગુજરાત હાઈકોર્ટ દ્વારા કંપની દ્વારા અકસ્માત વળતરની રકમ આપવી જોઈએ તેવા નીચલી કોર્ટનાં આદેશ સામે કરાયેલી અપીલ ફગાવી દીધી હતી. વીમા કંપની અકસ્માતમાં ટ્રકના પૈડાં બંને મૃતકો ઉપર ફરી વળ્યા તે પહેલાં અપાયેલા ઝેરના કારણે તેમનું મોત થયું હતું તે વાત સાબિત કરવામા નિષ્ફળ ગઈ હતી. કેસની વિગત મુજબ, ગત તા.૭-૧-૧૯૯૧ના રોજ વડોદરાના સીમાડે આવેલા તરસાલી બાયપાસ ખાતે નેશનલ હાઈવે નંબર-૮ ઉપર ત્યારે ઉત્તરપ્રદેશના પાસીગ નંબરવાળી એક ટ્રકના પૈડા અન્ય એક ટ્રકનાં ડ્રાઈવર ભરતસિંહ જોરેસિંહ મીના અને કલીનર બદામી સુખલાલ મીના ઉપર ફરી વળ્યા હતા. જેના કારણે બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજયા હતા. અકસ્માત સર્જનાર ટ્રકચાલક ઘટના સ્થળેથી નાસી ગયો હતો. આ બનાવ અંગે વડોદરાના મકરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બાદમાં ખુલાસો સામે આવ્યો હતો કે, આ અકસ્માત પહેલાં રામફલ નામના આરોપીએ બંનેને જૂની અદાવતમાં ઝેર પીવડાવી દીધુ હતું. મૃતકના પરિવારજનો તરફથી આ કેસમાં વડોદરાની મોટર એકસ્માત કલેઈમ ટ્રિબ્યુનલમાં વળતર માટે દાવો કર્યો હતો, જે મંજૂર થતા નારાજ વીમા કંપની ન્યુ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિ.દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી. વીમા કંપની દ્વારા કરવામાં આવેલી અપીલો ફગાવી દેતા હાઈકોર્ટનાં જસ્ટિસ જે.સી.દોશીએ ઠરાવ્યું હતું કે, બંને મૃતકોના પીએમ રિપોર્ટમાં એકથી વધુ ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયાનું પણ સામે આવ્યું હતું. વળી, વીમા કંપનીનો દેખીતી હત્યાને લઈ મુખ્ય આધારે રામફલ નામના શખ્સે અકસ્માત પહેલાં મૃતકોને ચા માં ઝેર પીવડાવ્યું હતુ તેની ઉપર છે કે જે અંગે તપાસનીશ અધિકારીએ જેએમએફસી કોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો હતો પરંતુ નોંધનીય છે કે, વીમા કંપની દ્વારા તપાસનીશ અધિકારીને તપાસવામાં આવ્યા જ નથી. એટલે સુધી કે જે રામફલ નામનો શખ્સ છે, તેને પણ તપાસવામાં આવ્યો નથી. વીમા કંપનીનો મુખ્ય આધાર બસ તપાસનીશ અધિકારીના રિપોર્ટ ઉપર છે. આ રિપોર્ટ માત્ર નક્કર પૂરાવો અથવા માની શકાય તેવી સાબિતી કહી શકાય નહી. આ સિવાય કેસમાં અનેક પૂરાવા છે કે, અકસ્માત સર્જનાર ટ્રકના પૈડા બંને ઉપર ફરી વળ્યા અને તેઓને કચડી નાંખ્યા, જેના કારણે બંને ગંભીર ઈજાઓ થવાથી તેઓના મોત નીપજયા. તેથી પ્રસ્તુત કેસમાં વીમા કંપની દેખીતા મર્ડરનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહી છે. વીમા કંપનીએ એવો બચાવ કર્યો હતો કે, પ્રસ્તુત કેસમાં ટ્રિબ્યુનલે વળતરનો નિર્ણય લેતી વખતે મરનાર ભરત મીના અને બદીમી મીનાના મૃત્યુ રોડ અકસ્માતના કારણે થયા હોવાનું માનીને ગંભીર ચૂક દાખવી છે. વાસ્તવમાં ઉત્તરપ્રદેશના પાસીંગવાળી ટ્રક દ્વારા અકસ્માત સર્જાયો તે પહેલાં એ બંનેને રામફળ નામના શખ્સ દ્વારા ચામાં ઝેર ભેળવી પીવડાવી દેવાયુ હતું. બંને બેભાન થઈ ગયા હતા, તે અવસ્થામાં તેમને રોડ પર મૂકી દેવાયા હતા, બાદમાં ટ્રક આવી અને તેની નીચે તેઓ કચડાઈ ગયા. આ મર્ડરનો દેખીતો કેસ છે. રામફલ નામના આરોપીએ આ બંને ડ્રાઈવર અને



કલીનરને ચામાં ઝેર આપી મારી નાખ્યા હતા અને આ મામલે ૩૦૨નો ગુનો પણ નોંધાયો હતો. બંનેના મોત રોડ અકસ્માતના કારણે થયા જ નથી. પરંતુ ઝેર આપી કરાયેલા મર્ડરને માર્ગ અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ કરાયો છે. ટ્રિબ્યુનલે આ તમામ મુદ્દાઓ અવગણીને વળતરનો ખોટી રીતે હુકમ કર્યો છે. મૃતકના પરિવારજનો તરફથી દલીલ રજૂ કરાઈ હતી કે, પ્રસ્તુત કેસમાં બંને મૃતકો ઉપર યુપી પાસીંગની ટ્રકના પૈડા ફરી વળવાના કારણે મોત થયા છે અને આ ટ્રક અકસ્માતમાં સંડોવાયેલી છે તે નિર્વિવાદ સત્ય છે. આ માર્ગ અકસ્માતમાં ટ્રક દ્વારા બંનેને કચડી નાંખવામાં આવતાં તેઓના મોત થયા હતા. જો વીમા કંપનીની વાત સાચી માની લેવાય તો પણ અકસ્માત મોત સાબિત કરવાનું રહે છે, દેખીતી હત્યા નહી. આમ, વીમા કંપની અકસ્માતમાં ટ્રકના પૈડા બંને ઉપર ફરી વળ્યા તે પહેલાં અપાયેલા ઝેરના કારણે તેમનું મોત થયુ હતુ તે વાત સાબિત કરવામા નિષ્ફળ ગઈ છે. વીમા કંપની તપાસનીશ અધિકારીના જે રિપોર્ટ ઉપર આધાર રાખે છે, તે રિપોર્ટ અધિકારીએ જાતે તૈયાર કર્યો છે, તેનાથી માર્ગ અકસ્માતની વાત કે ટ્રકના પૈડાં બંને ઉપર ફરી વળ્યા તે બાબત ખોટી સાબિત થતી નથી.

# ભારતની ૧૫૦૦ અર્બન બેંકોનું અમ્બ્રેલા સંગઠન અર્બન બેંકો માટે ગેમ ચેન્જર બની રહેશે

## ગુજરાતની અર્બન બેંકોને સારી કામગીરી બદલ એવોર્ડ અપાયા






(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૪

ગુજરાત સ્થિત ૨૧૪ શહેરી સહકારી બેંકોના સંગઠન ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંકસ ફેડરેશન દ્વારા ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ એક ભવ્ય સમારોહ સહગર સેતુ-૨૦૨૪ નું આયોજન કરાયું, જેનો વિષય હતો, **Technology for Transparency & Growth.** હોટલ લીલા, ગાંધીનગર ખાતે આયાજિત આ મહા સમારોહમાં રાજયભરની ૨૦૦ જેટલી સહકારી બેંકોનાં ૫૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

ઉપરોકત સમારોહના શુભારંભ સત્રમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે તેમજ રાજયના સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકમાં તેમ જ **RBI** ની સેન્ટ્રલ આફિસના ચીફ જનરલ મેનેજર શ્રીમતી સેન્ટા જોય વિશેષપણે ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ તેમના ઉદઘાટકીય વકતવ્યમાં જણાવ્યું હતું કે ગુજરાતની કુલ ૨૧૧ અર્બન કો-ઓપરેટીવ બેંકોની આર્થિક સ્થિતિ અન્ય રાજ્યોની સહકારી બેંકોની તુલનામાં ઘણી સારી છે. તમામ અર્બન બેંકોને ટેકનોલોજી સપોર્ટ મળી રહે તે માટે રાષ્ટ્રીય સ્તરે એક અંબ્રેલા ઓર્ગેનાઈઝેશનની સ્થાપના થઈ છે તે અર્બન બેંકો માટે ઘણી જ અગત્યની અને લાભકારી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે અર્બન બેંકોએ ડિપોઝીટરનો વિશ્વાસ જળવાઈ રહે અને તેમના હિતોનું રક્ષણ થાય તે માટે એક સુચારૂ મેનેજમેન્ટ અપનાવવા અપીલ કરી હતી.

આ પ્રસંગે સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વગ્માએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે ડિજિટલ બેંકિંગ સેવા આપવી બેંકો માટે અનિવાર્ય છે. સાથે સાથે ડિજિટલ બેકિંગ માટે કોઈ મોટો પડકર હોય તો તે સાયબર સિક્યોરિટીનો છે. આજની તારીખમાં બેંકો પાસે એન્ટીવાયરસ પેજ, બેંકિંગ સોફટવેર લોકલ વેન્ડરના હોય છે, જે સાયબર સિક્યોરિટી માટે પર્યાપ્ત ન ગણી શકાય. અબર્ન બેન્કોને મજબૂત સાયબર સિક્યોરિટી મળે તે માટે ગુજરાત ફેડરેશન અને નવી દિલ્હી સ્થિત અંબ્રેલા ઓર્ગેનાઈઝેશન અથાગ પ્રયત્ન કરી રહ્યું છે. અર્બન બેંકોના પ્રશ્નો સમજવા અને તેનો નિકાલ લાવવા સરગર હંમેશા તત્પર છે.

આ પ્રસંગે ફેડરેશનના ચેરમેન અને અંબ્રેલા ઓર્ગેનાઈઝેશનના (NUCFDC) ચેરમેન જયોતીન્દ્રભાઈ મહેતાએ જણાવ્યું કે જયારથી મોદી સરકાર દ્વારા અલગ સહકાર મંત્રાલયની સ્થાપના અને મંત્રી અમિતભાઈ શાહના વડપણ હેઠળ મંત્રાલય કાર્ય કરે છે, ત્યારથી અત્યાર સુધીમાં અર્બન બેંકો અને સહકારી પ્રવૃત્તિને વેગ મળે તે માટે બાવનથી વધારે સુધારા કરવામાં આવેલ છે. વધુમાં તેમણે જણાવ્યું કે અંબ્રેલા ઓર્ગેનાઈઝેશન કે જેને RBI નું રજીસ્ટ્રેશન પ્રાપ્ત થઈ ગયેલ છે તે અર્બન બેંકો માટે ગેમ ચેન્જર સાબિત થશે. ટુંક સમયમાં અંબ્રેલા ઓર્ગેનાઈઝેશન. ખાસ કરીને નાની અર્બન બેંકોને ઉત્તમ કક્ષાની ટેકનોલોજી તેમના વપરાશને આધારે પોસાય તેવા -રે પૂરી પાડશે.

આ મેગા ઈવેન્ટમાં ગુજરાતની સહકારી બેંકોને તેમની સારી કામગીરી બદલ જુદા જુદા પાંચ પેરામીટર C D Ratio, Businees Per Employee, CASA DEPOSIT, GROSS NPA, અને NET INTREST MARGIN (NIM) ના આધારે બેંકોને ડિપોઝીટના આધારે છ ભાગમાં વહેંચી કુલ ૬૯ એવોર્ડ આપવામાં આવ્યા તેમજ ગુજરાતની ૧૦૦ વર્ષ પૂર્ણ કરેલી છ અર્બન બેંકોને સન્માનિત કરી એવોર્ડ આપવામાં આવ્યા છે. આ મેગા ઈવેન્ટ સહકાર સતુ-૨૦૨૪માં જુદી જુદી અર્બન બેંકોના ૫૦૦ કરતા વધારે પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. અને અર્બન બેકોને બેકિંગને ઉપયોગી નવી ટેકનોલોજી ઉપલબ્ધ છે તે દર્શાવતાં એક એકઝીબીશનનું આયોજન કરેલ, જેમાં IT કંપનીના ૪૦ થી વધુ વેન્ડરોએ એમની પ્રોડકટ રજુ કરી હતી.

# બહાઉદીન કોલેજ ખાતે ગાંધીજી પર લખાયેલા પુસ્તકોનું પ્રદર્શન યોજાયું

જૂનાગઢ તા. ૪

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢના ગ્રંથાલય ખાતે તા.૧/૧૦/૨૦૨૪ ને મંગળવારના રોજ શ્રી મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિતે વિદ્યાર્થીઓ ગાંધીજી અને તેમના કર્યો વિષે જાણે અને સમજે એ હેતુથી ગ્રંથપાલ એ. સી. વાઘેલા દ્વારા મહાત્મા ગાંધીજી પર લખાયેલા પુસ્તકોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તક




પ્રદર્શનનો લાભ લેવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ કોલેજના આચાર્ય શ્રી ડો.પી.વી.બારસિયા દ્વારા ગ્રંથપાલ એ.સી.વાઘેલા તથા સમગ્ર ગ્રંથાલય સ્ટાફને અભિનંદન પાઠવવામા આવ્યા હતા.

# સોમનાથના ત્રિવેણી સંગમ ખાતે આધુનિક ટોયલેટના બોર્ડવાળા આંગણામાં જ ગંદકીના ગંજ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૪

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના પવિત્ર ત્રિવેણી સંગમ ગેટ પાસે પ્રવેશતા જ આધુનિક પે એન્ડ યુઝ ટોયલેટ આવેલું છે. તેમાં પ્રવેશવાના રસ્તે ત્રિવેણી સંગમને જોડતા ખાડામાં કાદવ-કીચડ તો છે જ ઉપરાંત નકામો કચરો, નાની નાની પ્યાલી, વપરાયેલા નાસ્તાની ડીશો, પિવાયેલા નાળીયેરના ખોખા, કાગળના ડુચા સહિતના બધાય કચરાઓ તેમાં ઠલવાય છે અને કીચડવાળા ગંદા પાણીમાં કમળ તો ઉગે છે પરંતુ કચરાઓનો કારણે કમળની



શોભા પણ મારી જાય છે.

લોકો ટોયલેટમાં જતા પણ અચકાય છે. કારણ કે તેના પ્રવેશદ્વાર પાસે હવે સાવ નાની કેડીજ બચી છે. આ ખાબોચીયું પવિત્ર ત્રિવેણી સંગમને જોડતું છે અને વરસાદી પુરથી ભરાયું છે પરંતુ બેદરકાર લોકોએ તેને કચરા સરોવર બનાવી દીધું છે.

સત્તાવાળાઓ કોઈ ધ્યાન દેતા નથી. સફાઈ, સપ્તાહ અભિયાનના થોડા દિવસો બચ્યા છે તો તે કામ હાથ ઉપર લેવા જેવું છે અને આવું ભવિષ્યમાં ન બને તે માટે તંત્રે જવાબદાર અધિકારીને જવાબદારી સાથે કામ સોંપવું જોઈએ.

# સોમનાથના ડીમોલેશનને લઈ ઉશ્કેરણી જનક પોસ્ટ મુકી બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાઈ તેવું કૃત્ય કરનાર યુવકને ઝડપી લેવાયો



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૪

વેરાવળની શાહીગ્રા સોસાયટીમાં રહેતા સોરઠીયા ખાલીદ સલીમ નામના યુવક દ્વારા ગીર-સોમનાથ વહીવટી તંત્રની ડીમોલેશન કામગીરી અંગે મુસ્લીમ સમાજમાં અફવાઓ ફેલાવતું અને ગુન્હો કરવા પ્રેરીત કરતું ઉશ્કેરણી જનક લખાણ લખી તેમજ હિન્દુ ધર્મના આસ્થાનું કેન્દ્ર સોમનાથ મંદિર વિશે ઉશ્કેરણી જનક ટિપ્પણી કરી અને હિન્દુ ધર્મના સમુદાયને ઉશ્કેરવા પ્રેરીત કરતુ લખાણ લખી તેમજ ગીર સોમનાથ જીલ્લા કલેકટર વિરૂધ્ધ ગેરશબ્દો લખી તેમજ ગીરસોમનાથ સરકારી વહીવટી તંત્ર વિશે ખરાબ શબ્દો લખી પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં સ્ટોરી બનાવી ઈન્સ્ટ્રાગ્રામ સ્ટેટ્સમાં રાખી સોશ્યલ મીડીયામાં વાયરલ કરતા ગીર સોમનાથ એસઓજી દ્વારા આ ઈસમને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર વેરાવળ સીટી પોલીસનો સર્વેલન્સ સ્ટાફ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ડીમોલેશન કામગીરી અન્વયે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન મોબાઈલ ફોનમાં ઈન્સ્ટ્રાગ્રામ એપ્લીકેશનમાં સર્ફીંગ દરમ્યાન **khalixx_47** નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં વેરાવળ-સોમનાથ રોડ જી.આઈ.ડી.સી. તથા સેન્ટ મેરી સ્કુલ સામે આવેલ મુસ્લીમ સમાજનું કબ્રસ્તાન તેમજ દર્ગાઓનું ડીમોલેશનની કામગીરી સરકારી વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા ચાલુ હોય જે અંગેનો રાગદ્વેષ રાખી **khalixx_47** નામના ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટ ધારકે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં સ્ટોરી બનાવી પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટેટ્સમાં ગીર સોમનાથ વહીવટી તંત્રની ડીમોલેશન કામગીરી અંગે મુસ્લીમ સમાજમાં અફવાઓ ફેલાવતા ઉશ્કેરણી જનક શબ્દો લખી તેમજ હિન્દુ ધર્મના આસ્થાનું કેન્દ્ર સોમનાથ મંદિર વિશે ઉશ્કેરણી જનક ટિપ્પણી કરી તેમજ ગીર સોમનાથ જીલ્લા કલેકટર વિરૂધ્ધ ગેરશબ્દો લખી તેમજ ગીર સોમનાથ સરકારી વહીવટી તંત્ર વિશે ખરાબ શબ્દો લખી **khalixx_47** નામના ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટ ધારક આરોપીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટેટ્સમાં રાખી સોશ્યલ મીડીયામાં વાયરલ કરેલ હતું. આ અંગે ગીર સોમનાથ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા સત્વરે ટેકનીકલ એનાલિસિસ મારફતે આ પોસ્ટ કરનાર વેરાવળ ની શાહીગ્રા સોસાયટી માં રહેતા સોરઠીયા ખાલીદ સલીમ નામના યુવકને ઝડપી લઈ તેની વિરૂદ્ધ વેરાવળ સીટી પો.સ્ટે.માં બી.એન.એસ. કલમ ૩૫૧(૨), ૩૫૩(૧)(બી)- (૧)(સી), ૩૫૨ મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વેરાવળની કોલેજ ખાતે પ્રોજેકટ લાઈફ, એનઆરજી સેન્ટર અને એનઆરજી ફાઉન્ડેશનના ઉપક્રમે સેમીનાર યોજાયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૪

વેરાવળમાં આવેલ કે.એમ. સવજાની અને કે.કે.સવજાની બી.બી.એ., બી.સી.એ. અને કોમર્સ કોલેજ ખાતે પ્રોજેકટ 'લાઈફ', એન.આર.જી. સેન્ટર અને એન.આર.જી. ફાઉન્ડેશનના ઉપક્રમે સેમીનાર યોજાયો હતો.

આ સેમીનારમાં ઘણી વખત ઘરની દિકરીને વિદેશમાં સ્થાયી થયેલા ભારતીય યુવક સાથે પરણાવવાની લ્હાયમાં પરિવારજનો ઉતાવળ કરી જતા હોય છે અને પછી પસ્તાવાનો સમય આવતો હોય છે. આપની વચ્ચે ઘણા પરિવારો એવા છે કે જેને ખબર પડે કે છોકરો વિદેશમાં છે એટલે કોઈ તપાસ કર્યા વગર દિકરીનું નક્કી કરી નાખે છે પરંતુ આટલી ઉતાવળ વ્યાજબી નથી અને આ દિશામાં આવા પરિવારોને તેમજ બહેનોને જાગૃત કરવાની સુંદર કામગીરી ગુજરાત રાજ્યનું એન.આર.જી. ફાઉન્ડેશન તેમજ રાજકોટમાં પ્રોજેકટ 'લાઈફ' સંસ્થા હેઠળ ચાલતું એન.આર.જી. સેન્ટર કરી રહ્યું છે. આ વિષય ઉપર બહેનોને સમજ આપવામાં આવી હતી.

ગુજરાત સ્ટેટ નોન રેસીડેન્ટ ગુજરાતી ફાઉન્ડેશન (ગાંધીનગર) અને પ્રોજેકટ 'લાઈફ' (રાજકોટ) દ્વારા સંચાલિત એન.આર.જી. સેન્ટર દ્વારા યોજાયેલ સેમીનારમાં ૨૫૦ જેટલી બહેનો ઉપસ્થિત રહી હતી. આ તકે મુખ્ય મહેમાન પદે જિલ્લા કલેકટર ડી. ડી. જાડેજા, મુખ્ય વક્તા તરીકે વરિષ્ઠ એડવોકેટ ડો.ભાવનાબેન જોશીપુરા, વેરાવળ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી બીપીનભાઈ સંઘવી, ગિરીશભાઈ કારિયા સહીતના ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના પ્રારંભે સ્વાગત પ્રવચન એન.આર.જી. સેન્ટર રાજકોટનાં સેક્રેટરી ઋષિકેશ પંડ્યાએ કરેલ જયારે એન.આર.જી. ફાઉન્ડેશનની કામગીરી અંગે જી.એસ.એન.આર.જી.એફ. રમેશભાઈ રાવલે માહિતી આપી



હતી. કલેકટર ડી.ડી. જાડેજાએ જણાવેલ કે, આ પ્રકારના સેમિનારથી બહેનોમાં અને ખાસ કરીને પરિવારોમાં જાગૃતિ આવે છે તેમ જણાવી બહેનોને કોઈપણ સંબંધ નક્કી કરતા પૂર્વે સાવધાની રાખવા અનુરોધ કર્યો હતો. આ સેમિનારના મુખ્ય વકતા ડો.ભાવનાબેન જોશીપુરાએ બહેનોને વિદેશમાં લગ્ન કરવા સંદર્ભે કાયદાકીય સમજ આપી હતી સાથો સાથ કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની માહિતી પણ આપી હતી. તેમણે પાત્ર સારૂં હોય તો પણ આંધળુકિયા નહી કરવા અને પરિવાર અંગે પૂરી તપાસ કર્યા પછી જ નિર્ણય લેવા અનુરોધ કર્યો હતો. આભારવિધિ કોલેજનાં પ્રિન્સીપાલ ડો. જીગર રાવલે કરી હતી જયારે કાર્યક્રમનું સંચાલન એન.આર.જી. સેન્ટરના ઈન્ચાર્જ રાજીવકુમાર મિશ્રાએ કર્યું હતું.

# સુત્રાપાડા તાલુકાની આલીદ્રા પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું




(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૪

સુત્રાપાડા તાલુકાની આલીદ્રા પ્રાથમિક શાળામાં જીસીઈઆરટી પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માર્ગદર્શિત તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન બીઆરસી ભવન સુત્રાપાડા દ્વારા કરવામાં આવેલ. આ ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલાની અધ્યક્ષતામાં આયોજન થયું. જેમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પી.ડી ટાંક, ગીર સોમનાથ ડાયેટના પ્રાચાર્ય વી એમ પંપાણીયા,જિલ્લા અને તાલુકા શિક્ષક સંગઠનના હોદ્દેદારો, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, કેળવણી નિરીક્ષકઓ, તાલુકાની તમામ પે.સેન્ટર શાળાના આચાર્યઓ, પેટા શાળાના આચાર્યઓ, સી. આર.સી.ઓ અને માર્ગદર્શક શિક્ષક મિત્રો તથા ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં કૃતિઓ લઈને સુત્રાપાડાની વિવિધ શાળામાંથી બાળ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહેલ. આ પ્રદર્શનમાં ક્લસ્ટર કક્ષાએ પ્રથમ આવેલ તાલુકામાંથી કુલ ૪૫ કૃતિઓ લઈને આવેલ ૯૦ બાળકોએ આ પ્રદર્શનમાં ભાગ લીધેલ. શાળાના દિવ્યાંગ બાળકો અને આમંત્રિત મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી અને પ્રદર્શનની શુભ શરૂઆત કરાવેલ. શાળાના આચાર્ય પ્રતાપભાઈ ચૌહાણ દ્વારા આવેલ તમામ મહેમાનો, શિક્ષકો અને બાળકોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ તથા શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ દ્વારા મહેમાનોને પુષ્પગુચ્છ અને પુસ્તકો આપી સ્વાગત કરવામાં આવેલ, ડાયેટ પ્રાચાર્ય, ચેરમેન તથા રાજવીરસિંહ દ્વારા બાળકોને પ્રેરક પ્રવચન આપવામાં આવેલ. ગ્રામીણ ક્ષેત્રોની આ કૃતિઓ ડિજાસ્ટર મેનેજમેન્ટ, બેઝીક ઓફ કોડીગ તથા ખેત ઉત્પાદન, પર્યાવરણ સ્વચ્છતા, પાણી બચાવમાં આધુનિક ટેકનોલોજીના માધ્યમથી, માનવીય જીવનને સુવીધાસભર બનાવવાના હેતુથી તૈયાર કરવામાં આવેલ કૃતિઓ એ આકર્ષણ જન્માવ્યુ હતું. શિક્ષણ ક્ષેત્રે આજના યુવાનો વિવિધ પ્રકારની પ્રવૃત્તિની તાલીમ સાથે શિક્ષણ કેળવે તેવી સમજણ આપતા શિક્ષકોને ઉપસ્થિત અધિકારીઓ, પદાધિકારીઓ દ્વારા પ્રસંશા કરીને અભિનંદન પાઠવ્યા હતા. ઉત્સાહભેર યોજાયેલા. આ પ્રદર્શનમાં પસંદગી પામેલી કૃતિઓ જિલ્લા કક્ષાએ મોકલવામાં આવશે સુત્રાપાડા તાલુકાના બી.આર.સી કોર્ડીનેટર દિનેશભાઈ ઝાલા દ્વારા આવેલ તમામ મહેમાનો દાતાઓ, ગામના સરપંચ, તાલુકાના તમામ શિક્ષકમિત્રો, કૃતિઓ લઈને આવેલ બાળ વૈજ્ઞાનિકો, ગામના યુવાનો અને યજમાન શાળાના શિક્ષક મિત્રો દ્વારા આ સુંદર આયોજન ને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ અને સાથ સહકાર આપવા બદલ તેઓનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# ઊના તાલુકાના કાજરડી ગામે જુગાર રમતા ચાર જુગારીઓ ઝડપાયા




(પ્રતિનિધિ દ્વારા)

ઉના. તા. ૪

ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન રાણાની સૂચનાથી પી.એસ.આઈ. આર.પી. જાદવ અને એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ એમ. પરમાર, પોલીસ હેડ કોન્સ્ટેબલ શાંતિલાલ સોલંકી, રવિસિંહ પ્રદીપસિંહ ગોહીલએ બાતમીના આધારે ઊના તાલુકાના કાજરડી ગામે ખુલ્લા પ્લોટમાં રૂપિયા ની હાર જીતનો જુગાર રમતા કરશન બાબુભાઈ મજેઠીયા, વશરામ દુદાભાઈ ચારણીયા, મસરી રાણાભાઈ વાળા, કમલેશ છગન ભાઈ પરમાર રે. તમામ કાજરડી તા. ઊનાને રોકડા રૂા.૧૨૪૦૦/ સાથે પકડી લીધા હતા અને તેમની સામે જુગારધારા અંતર્ગત ગુનો નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# ઓખા ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન અન્વયે બીચ ક્લીન અપ ડ્રાઈવ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અને સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અંતર્ગત ગાંધીજીની જન્મ જયંતિ અને સ્વચ્છ ભારત મિશનના દસ વર્ષની ઉજવણીના ભાગરૂપે બીજી ઓકટોબરને "સ્વચ્છ ભારત દિવસ" ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મીઠાપુર બીચ, ઓખા ખાતે માય ભારત વોલેન્ટિયસ દ્વારા ટાટા કેમિકલ સોસાયટી ફોર રૂરલ ડેવલપમેન્ટ અને ભારતીય તટ રક્ષક દળ - ઓખાના સહયોગથી બીચ કલીનઅપ ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં યુવા સ્વયંસેવકો દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક સહિત કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત હાથ ધરવામાં આવેલી બીચ કલીન અપ ડ્રાઈવમાં જામનગરના નેહરૂ યુવા કેન્દ્રના જિલ્લા યુવા અધિકારી શિખર રસ્તોગી સહિત ભારતીય તટ રક્ષક દળના કર્મચારીઓ જોડાયા હતા.

# કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે દેશના પ્રથમ ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે શુભારંભ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૪

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં દેશના પ્રથમ ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો શુભારંભ કરાવ્યો હતો. સરકારી સંસ્થામાં આ પ્રકારનું સેન્ટર શરુ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે સોલા સિવિલ હોસ્પિટલ સ્થિત ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કૉલેજમાં થયેલા આધુનિકરણનું પણ લોકાર્પણ કરાયું હતું.

વધુમાં કોક્લિયર ઈમ્પ્લાન્ટ સંદર્ભે 'A Comprehensive Guide to Hearing, Speech, and Language Development in Children with Cochlear Implants.' પુસ્તકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. અમિતભાઈ શાહે ટેલિ-રિહેબિલિટેશન સેન્ટરનો શુભારંભ કરાવીને સેન્ટર મુલાકાત લઈ સમગ્રતયા કામગીરીનું નિરીક્ષણ પણ કર્યું હતું. કોકલીયર ઈમ્પ્લાન્ટ કરાયેલ બાળકો સાથે તેમણે સંવાદ પણ સાધ્યો હતો. આ બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. અત્રે નોંધનીય છે કે, કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવેલ બાળકોને રિહેબિલિટેશનમાં સ્પીચ થેરાપીની તાકીદે જરૂરિયાત રહેતી હોય છે. ગુજરાતના વિવિધ વિસ્તારમાંથી બાળકોને અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં આ થેરાપી સેશન માટે આવવું પડતું હતું. અમદાવાદથી દૂર રહેતા દર્દીઓને મુસાફરી ખર્ચ, ઓડિટરી વર્બલ થેરાપીના અભાવના પરિણામે આ લાભ નહિવત પ્રમાણમાં મળતો હતો. જેના કારણે બાળકમાં સાંભળવાનું તથા બોલવાનો વિકાસ અપૂરતો રહી જતો હતો. જેથી કેટલાક કિસ્સામાં આ કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરીનું સફળ પરિણામ મળતું ન હતું. સરકાર દ્વારા રૂ. ૨૫ લાખના ખર્ચે RBSK, PIU, DEIC તથા ઓડિયોલોજી કૉલેજની મદદથી ટેલિ-રિહેબિલિટેશન માટે અગત્યની વ્યવસ્થા ઊભી કરાઈ છે. જેથી આ કાર્યક્રમના સાર્થક પરિણામ મળે અને બાળકો સર્જરી બાદ બોલતા અને સાંભળતા પણ થાય.

ટેલિ-રિહેબિલિટેશનની મદદથી હવે જિલ્લા સ્તરે ડિસ્ટ્રિક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર(DEIC) ખાતે કોકલીયર ઈમ્પ્લાન્ટ કરાયેલાં બાળકોને સ્પીચ થેરાપી સેશનના લાભ મળી રહેશે. આ સેન્ટરથી વિડિયો કોલિંગ કરીને સાઉન્ડ પ્રુફ અદ્યતન રૂમ્સમાં આવાં બાળકોને થેરાપી આપવામાં આવશે. આ કેન્દ્રો પણ પીડિયાટ્રિક ,ઓડિયોલોજિસ્ટ અને આર.બી.એસ.કે. વર્કર્સ એક સાથે કનેક્ટ થશે. અગાઉ ફક્ત ઓડિયો માધ્યમથી આ સેવા ઉપલબ્ધ હતી. હવે આ ટેલી-રિહેબિલિટેશન સેન્ટર કાર્યરત બનતા વિડિયો કોલિંગના માધ્યમથી સમગ્ર થેરાપી હાથ ધરાશે.

કેન્દ્રીય મંત્રીના હસ્તે ઓડિયોલોજી કૉલેજના આધુનિકરણનું લોકાર્પણ કરાયું હતું.

ઓડિયોલોજી કૉલેજના વિસ્તરણ અને આધુનિકરણ માટે સરકાર દ્વારા રૂ. ૩૫ લાખ ફાળવવામાં આવ્યા છે. જેની મદદથી આંતરાષ્ટ્રીય સ્તરના નવા ૭ સાઉન્ડપ્રૂફ રૂમ બનાવવામાં આવ્યા છે.

આ સાઉન્ડ પ્રૂફ રૂમના બનવાથી સાંભળવાની, બોલવાની, ચક્કરની તકલીફ તથા જેમને પક્ષઘાત પછી થતી ખોરાક ગળવાની તકલીફ હોય તેવા દર્દીઓ તેમની તપાસણી સાથે થેરાપી રૂપે સારવાર મેળવી શકશે.

ઓડિયોલોજી કોલેજમાં વેસ્ટિબ્યુલોનીસ્ટેગ્મોગ્રાફી (VNG) વસાવવામાં આવ્યું છે. આ સાધન, ચક્કર આવાનાં કારણો શોધવામાં મદદરૂપ છે. દર્દીને કાનમાં તકલીફ હોવાના કારણે કે મગજમાં તકલીફ હોવાના કારણે ચક્કર આવે છે, તે આ સાધનના મદદથી નિદાન કરી શકાશે.


તદઉપરાંત સ્ટ્રોક, ગળાનું કેન્સર કે કોઈ અન્ય ચેતાતંત્રની તકલીફના કારણે ખોરાક ગળવાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે આધુનિક સાધન વાઈટલ સ્ટીમ્યુલેશન વસાવવામાં આવ્યું છે. આ સાધન ગળાના ખોરાક ગળવાની સ્નાયુને ઉત્તેજિત કરે છે.

'A Comprehensive Guide to Hearing, Speech, and Language Development in Children with Cochlear Implants.' પુસ્તક વિશે – આ પુસ્તક કૉકલીયર ઈમ્પ્લાન્ટ ધરાવતા બાળકોમાં વિવિધ સ્તરે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શ્રવણ, વાણી અને ભાષાના વિકાસને દર્શાવવા માટે બનાવાયું છે. આ પુસ્તકમાં સાંભળવાનું તથા બોલવાનું અને ભાષાના ક્ષમતાના વિકાસ પર કેન્દ્રિત ત્રણ મૉડ્યુલનો સમાવેશ થાય છે. જે નિષ્ણાત અને માતા-પિતાને બાળકના સાંભળવાનું, બોલવાનું અને ભાષાના વિકાસ સાથે સંકળાયેલા નિશ્ચિત લક્ષ્યો નિર્ધારિત કરવામાં અને તેની પ્રવૃત્તિઓ પસંદ કરવામાં સહાયતા કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૧માં રિહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માન્યતા સાથે ૨૦ વિદ્યાર્થીઓની બેઠકોની મંજૂરી સાથે ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી કોલેજ શરૂ કરાઈ હતી. આ કૉલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. બેચલર ઈન ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજીનો અભ્યાસક્રમ કુલ ૪ વર્ષનો છે,જેમાં ૩ વર્ષ અભ્યાસક્રમ અને ૧ વર્ષ ઈન્ટર્નશીપ છે.

G.M.E.R.S. મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ – સોલા, અમદાવાદ એ રાજ્યમાં બેચલર ઈન ઓડિયોલોજી એન્ડ સ્પીચ લેંગ્વેજ પેથોલોજી અભ્યાસક્રમ શરૂ કરનાર સર્વપ્રથમ સરકારી મેડિકલ કૉલેજ છે. હાલમાં ભારતનાં ૪ રાજ્યોમાં સરકાર દ્વારા આ અભ્યાસક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. શરૂઆતમાં કૉલેજ ખાતે કુલ ૩ સાઉન્ડપ્રૂફ અને ૭ સ્પીચ થેરાપી રૂમના ક્લિનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સાંભળવાની તકલીફ અને બોલવાની તકલીફ ધરાવતા તથા કોકલીયર ઈમ્પ્લાન્ટવાળા દર્દીઓને સેવા આપવામાં આવતી હતી.

# માણાવદરમાં સ્વચ્છતા અભિયાનના નામે ખુલ્લેઆમ ડિંડક માત્ર ફોટા પાડી કૌભાંડ ? પ્રજાનાં ચર્ચાનો વિષય બન્યો



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૪

માણાવદર શહેરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગાંધીજી જયંતી નિમિતે તા.૧૭-૯ થી ૨-૧૦ સુધી સફાઈ અભિયાન કરવાનું હતું. તેમાં માત્ર ફોટો અને વિડીયો બનાવી ખુલ્લેઆમ ડિંડક કર્યું હોય તેમ ઠેર ઠેર ગંદકી અને ખદબદતી ગટરો દેખાય છે જયાં સ્વચ્છતા અભિયાનના પેન્ટીંગ કર્યા ત્યાં જ કચરાના ગંજ ખડકાયેલા દેખાય છે ત્યારે લાખો રૂપિયાની ગ્રાન્ટ પ્રજાહિતના બદલે કોના હિતમાં વપરાય તેની ઉંડી તપાસ કરવા લોકમાંગ ઉઠવા પામી છે. લાખો રૂપિયાની સ્વચ્છતાની ગ્રાન્ટ માત્ર ફોટા પડાવી ગ્રાન્ટનો ગેરઉપયોગ થયો હોવાની ખુલ્લેઆમ ચર્ચા પ્રજાજનો કરી રહયા છે ત્યારે આ સ્વચ્છતા અભિયાનની તપાસ મુખ્યમંત્રી તત્કાલ સ્થળ તપાસ કરાવે કે ખરેખર શું સ્થિતિ છે ? તો ચોંકાવનારી સ્થિતી જોવા મળશે તેમ પ્રજાજનોમાં ચર્ચા થઈ રહી છે. શહેરમાં દવા છંટકાવ યોગ્ય રીતે થઈ નથી કે નથી ફોગીંગ મશીનથી ફોગીંગ થયું ત્યારે લાખો રૂપિયાની ગ્રાન્ટ પ્રજા હિતમાં કામ થયું ના હોય તે બીલોની તથા સ્થળોની તપાસ હાથ ધરાય તો ચોંકાવનારી સ્થિતી શહેરમાં જોવા મળશે તેમ તપાસ કરવા લોકમાંગ ઉઠવા પીમ છે. શાક માર્કેટ, એસબીએસ રોડ પાસે તેમજ અનેક સ્થળે ખરાબ સ્થિતી જોવા મળે છે. જો તપાસ કરાય તો ચોંકાવનારી સ્થિતી બહાર આવશે તેમ પ્રજાજનોમાં ચર્ચાય છે.

# શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી. જૂનાગઢના મુખ્યાલયના નવનિર્મિત ડો.કેશવરાવ બલીરામ હેડગેવાર ભવનનું રવિવારે ઉદ્‌ઘાટન

જૂનાગઢ તા.૪

શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી. જૂનાગઢના મુખ્યાલય (હેડ ઓફિસ)ના નવનિર્મિત ડો.કેશવરાવ બલીરામ હેડગેવાર ભવનના ઉદ્‌ઘાટન તથા પરમ પૂજ્ય ડોકટર સાહેબની પ્રતિમાના અનાવરણના કાર્યક્રમનું આયોજન આગામી તા.૬-૧૦-૨૦૨૪ રવિવાર સાંજે ૪ કલાકે ડો.કેશવરાવ બલીરામ હેડગેવાર ભવન, ત્રિમંદિર સામે, ધોરાજી વેરાવળ બાયપાસ રોડ, ખામધ્રોળ ચોકડી, જૂનાગઢ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમનો ઉદ્‌ઘાટન શ્રી સુરેશજી (ભૈયાજી) જોષી, અખીલ ભારતીય કાર્યકારીણી સદસ્યતા તથા પૂર્વ સરકાર્યવાહ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના હસ્તે કરવામાં આવશે. આ તકે વિશેષ નિમંત્રીત શ્રી સંજયજી પાચકોર, રાષ્ટ્રીય સંગઠન મંત્રી સહકાર ભારતી રહેશે જયારે અતિથી વિશેષ તરીકે જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેન ડો.ડી.પી. ચીખલીયા, ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, સહકાર ભારતીના અધ્યક્ષ કાંતીભાઈ પટેલ, જૂનાગઢ જીલ્લા સહકારી બેંકના ચેરમેન કિરીટભાઈ પટેલ, ખેતીબેંક તથા



નાફેડના ચેરમેન શ્રી ડોલરભાઈ કોટેચા, ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, ધારાસભ્યશ્રીમતી સેજલબેન પંડયા, ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ પાડલીયા, સહકાર ભારતીયના ઉપાધ્યક્ષ નલીનભાઈ વસા, સહકાર ભારતીના સંગઠન પ્રમુખ જીવનભાઈ મોલે તેમજ સહકાર ભારતીના મહામંત્રી શ્રી વિનોદભાઈ બરોતીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# દ્વારકાધીશના દર્શને આવેલા આસામના યાત્રિકોને ફૂડ પોઈઝનિંગ : એકનું મૃત્યું, સારવાર હેઠળ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૪

આસામથી દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા માટે કેટલાક પરિવારજનો આવ્યા હતા. દ્વારકા ખાતે આવેલા આસામના યાત્રાળુ પરિવારમાં ફૂડ પોઈઝનિંગ થવાના કારણે એક યાત્રાળુનું મૃત્યું નિપજતા ભારે ચર્ચા જાગી છે. જાણવા મળતી વિગત મુજબ ગત તારીખ ૨૬ સપ્ટેમ્બરના રોજ આસામથી આશરે ૪૪ જેટલા શ્રદ્ધાળુ પરિવારજનો દ્વારકા આવ્યા હતા. જેઓએ દ્વારકાના એક આશ્રમમાં રોકાણ કર્યું હતું. જેમાંથી આશરે બે ડઝન થી વધુ યાત્રાળુઓને તારીખ ૨૭ ના રોજ ઝાડા-ઉલટી થઈ ગયા હતા. જેના કારણે તંત્ર દોડતું થયું હતું. આ પૈકી આઠ વ્યક્તિઓને જામનગર ખસેડવામાં આવ્યા હતા. જેમાં ઉધબ ચંદ્ર દાસ નામના આશરે ૬૦ વર્ષના એક પ્રવાસીનું મૃત્યુ નીપજયાનું જાણવા મળ્યું છે. મૃતક વ્યક્તિ ઉંમરલાયક હોય, તેમના પરિવારજનોએ પોસ્ટમોર્ટમ કરવાની ના કહી હોવાનું પણ બિન આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. અહીં બીમાર પડેલા એક મહિલાને ડાયાલિસિસ પર રાખવામાં આવ્યા હતા. આ બનાવ પછી દ્વારકામાં આવેલા પરપ્રાંતિય યાત્રાળુઓની પણ તપાસ કરાવી હતી અને આ બનાવ કેવી રીતે બન્યો તે અંગે તંત્ર દ્વારા જાણકારી મેળવવામાં આવી હતી. આ અંગે આસામના જિલ્લા કલેકટરને જાણ કરવામાં આવતા આસામથી ખાસ ટીમ દ્વારકા આવી હતી અને મૃતદેહને ત્યાં લઈ જવા વ્યવસ્થા કરાવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યા દ્વારા ટીમો મોકલીને દ્વારકામાં પાણી નમૂના લેવામાં આવ્યા છે. આ સાથે અન્ય હોટેલોમાં પણ તપાસ કરવામાં આવી હતી. આ બનાવના પગલે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરી પણ ટીમ સાથે ત્યાં પહોંચી ગયા હતા તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમ પણ ત્યાં પહોંચી હતી. આ પ્રકરણમાં જામનગરમાં પણ જ્યાં દર્દીઓ દાખલ થયા છે, ત્યાં આરોગ્ય અધિકારી તથા નાયબ મામલતદાર દોડી ગયા હતા. અહીં આસામની ભાષા જાણનાર એક એરફોર્સ અધિકારીની મદદ લઈને સમગ્ર વિગતોની જાણકારી તંત્ર દ્વારા મેળવવા વ્યવસ્થા કરવામાં આવી હતી. આસામથી એક સાથે આવેલા આ શ્રદ્ધાળુઓ પોતાની સાથે જ ભોજનનો સામાન લઈને આવ્યા હતા. તેમાંથી જ તેઓ જાતે રસોઈ બનાવતા હતા. જો કે આ આશ્રમમાં રહેનારા બીજા કોઈને ઝાડા ઉલટી કે ફૂડ પોઈઝનિંગની અસર ન થતા માત્ર આસામમાંથી આવેલા આ વ્યક્તિઓને આ અસર થઈ હોવાનું કહેવાય છે. જે અંગે જિલ્લા તંત્ર દ્વારા જરૂરી તપાસ હાથ કરવામાં આવી છે. આ ઉપરાંત દ્વારકાના અન્ય આશ્રમો અને હોટલોમાં પણ સઘન તપાસ કરવામાં આવી છે.

# સોમનાથમાં માતા પાર્વતીની રાજોપચાર પૂજા સાથે નવરાત્રીનો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૪

જગતજનની માતા શક્તિની આરાધનાનો મહાપર્વ એટલે શારદિય નવરાત્રી, જ્યારે સમગ્ર વિશ્વમાં વસતા માતાના ભક્તો નવરાત્રીના નવ દિવસ અને રાત માતાની આરાધના કરતા હોય છે ત્યારે પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ બિરાજે છે એ પ્રભાસતીર્થ કે જેનો શાસ્ત્રોમાં ચંદ્રભાગા શક્તિપીઠ તરીકે પણ ઉલ્લેખ છે, જયાં માતા સરસ્વતીએ વડવાનલ અગ્નિ સમુદ્રમાં પધરાવેલ એવા પ્રભાસ તીર્થમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા માતાજીની આરાધના માટે ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. નૌરત્રીના પ્રારંભ સાથે શ્રી સોમનાથ મંદિરની નિશ્ચિત પ્રણાલિકા અનુસાર શ્રી સોમનાથ મહાદેવ સાથે બિરાજમાન માતા પાર્વતીની રાજોપચાર મહાપૂજા કરવામાં આવી હતી. નવરાત્રીના નવ દિવસ શ્રી સોમનાથ મંદિરના ગર્ભગૃહમાં મંદિરના પૂજારીશ્રીઓ દ્વારા ૩.૫થી ૪ કલાકની રાજોપચાર મહાપૂજા કરવામાં આવશે. આદિ કાળમાં ચક્રવર્તી સમ્રાટો દ્વારા માતા શક્તિને પ્રસન્ન કરવા રાજોપચાર મહાપૂજા કરવામાં આવતી હતી. ત્યારે સોમનાથ મંદીરના પૂજારીશ્રીઓ દ્વારા વિશ્વ શાંતિની પ્રાર્થના સાથે માતા પાર્વતી સૌનું કલ્યાણ કરે તેવી પવિત્ર ભાવનાથી મહાપૂજન કરવામાં આવ્યું હતું. ભકતો નવરાત્રીના પ્રથમ દિવસે માતા પાર્વતી તેમજ શ્રી સોમનાથ મંદિરમાં બિરાજમાન માતા ત્રપુર સુંદરી અને માટે આંબાના દર્શન કરી ધન્ય બન્યા હતા. આ સાથે વિશેષ રૂપે શ્રી સોમનાથ મહાદેવને ભસ્મનો લેપ લગાવીને તેમના પર માતા શક્તિની મુખાકૃતિ તૈયાર કરી મહાદેવને દેવી દર્શન શૃંગાર કરવામાં આવેલ. માતા શક્તિના સ્વરૂપમાં ભગવાન શિવના દર્શન કરી શ્રદ્ધાળુઓ ધન્ય થયા હતા. આ સાથે જ શ્રી સોમનાથ મંદિર સમીપ બિરાજમાન માતા વાઘેશ્વરીના મંદિરે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા માતા વાઘેશ્વરી-જોગેશ્વરીના પૂજન અને આરતી કરવામાં આવ્યા હતા. આ તકે સ્થાનિક ભક્તો અને બાળાઓ આ પૂજન માં જોડાયા હતા અને માતાની આરાધના કરવા ભક્તિમય સંગીત સાથે ગરબે ઘૂમ્યા હતા.

# ‘વિવાહ ફાર્મ’ ખાતે શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ સોશિયલ ગ્રુપ દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવ-૨૦૨૪ નું કરાયેલું અદકેરૂ આયોજન

જૂનાગઢ તા. ૪

શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ નવરાત્રી મહોત્સવના વિનોદભાઈ ચાંડેગરા તથા લલીતભાઈ વરૂ ની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, છેલ્લા નવ વર્ષની અદભુત સફળતા બાદ આ વખતે દશમી વખત શ્રી સોરઠીયા પ્રજાપતિ સમાજ સોશિયલ ગ્રુપ દ્વારા આયોજીત શ્રી શ્રીબાઈ નવરાત્રી મહોત્સવ-૨૦૨૪ નું ભવ્યથી અતિ ભવ્ય આયોજન જૂનાગઢની ઝાંઝરડા ચોકડી પાસે આવેલ ખલીલપુર ચોકડીથી તદ્દન નજીક દેશી પકવાનની બાજુમાં વિવાહ ફાર્મ ખાતે કરવામાં આવેલ છે. આ નવરાત્રી મહોત્સવના પ્રથમ નોરતાના દિવસે નીલમબેન તથા રેખાબેન દ્વારા સંચાલિત માખીયાળાની સાંત્વન દિવ્યાંગ દીકરીઓની સંસ્થા તથા વનીતાબેન જોષીની આગેવાની હેઠળ ચાલતી દિવ્યાંગ સેવા સંસ્થા જોષીપરાની પ્રજ્ઞાચક્ષુની બાળાઓ, ઉપસ્થિત જ્ઞાતિજનો, મહેમાનોની હાજરીમાં





## મહોત્સવ માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સાથે રક્તદાન કેમ્પનું પણ કરાયેલું આયોજન - સંજય બુહેચા

દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું.

વિશેષમાં શ્રી વિનુભાઈ ચાંડેગરાએ જણાવેલ હતું કે, અનિવાર્ય સંજોગોનુસાર નવરાત્રી મહોત્સવનું ખૂબ જ ટૂંકા સમયમાં આયોજન કરીને વિવિધ કમિટીઓની રચના કરીને કામગીરીની સમીક્ષા કરી કામગીરીની સોંપણી કરવામાં આવેલ હતી. જેમાં સૌપ્રથમ માતાજીની આરતી, પૂજન, અર્ચન સમિતિમાં નરેન્દ્ર જોગીયા, નિકુંજ કોરિયા એનાઉન્સમેટ વિભાગમાં સંદીપભાઈ રાઠોડ, ભરતભાઈ જાદવ ગેટ/રસોડા સમિતિમાં રાજુભાઈ જાદવ, હિતેશભાઈ ચાંડેગરા, બાબુભાઈ ભદુકુળ, જેન્તીભાઈ વાઢેર, રાહુલભાઈ રાવત, મેહુલભાઈ મારુ, રાજુભાઈ નેના, ભાવેશભાઈ વાઢેર, દીપકભાઈ છાયા, જીગ્નેશ ધોકીયા, દિવ્યેશભાઈ ટાંક, વીજયભાઈ દેવળીયા, ભાવીનભાઈ કોરીયા, કીશોરભાઈ જાદવ, જીગરભાઈ ટાંક ગ્રાઉન્ડ સમિતિમાં જશનભાઈ ચાંડેગરા, ભરતભાઈ ડાભી, નિલેશભાઈ માળવીયા, ભાવેશભાઈ વેગડ, રાજભાઈ જેઠવા, વિપુલભાઈ ગાધેર, વિપુલભાઈ માળવીયા, હેમનભાઈ વરૂ, ભૌતિકભાઈ છાયા, આશિષભાઈ કોરિયા, સ્ટેજ બેઠક સમિતિમાં રવિ ભરડવા, નિલેશ ચાંડેગરા, રમેશ કોરિયા, સુરેશભાઈ ગિરનારા, નિશાંતભાઈ નેના, જતીનભાઈ કુકડીયા સ્થળ પર જ્ઞાતિજનો પાસેથી ફાળો એકત્રિત કરણ કરવાની સમિતિમાં ભાવેશભાઈ ખોલીયા જયસુખભાઈ જાદવ, લલીતભાઈ ચાંડેગરા, રાકેશભાઈ ગાધેર, મહેન્દ્રભાઈ ભરડવા, પ્રવીણભાઈ કોરિયા, હરેશભાઈ જેઠવા લોગા વિતરણ સમિતિમાં ભાર્ગવભાઈ વેગડ, રાજભાઈ માવદીયા, પ્રશાંતભાઈ દેવળીયા, પ્રાથમિક સારવાર કેન્દ્ર સમિતિમાં ડૉ. અર્ચિત ભરડવા, ડૉ. પરેશ ચાંડેગરા, સંજય બુહેચા, ઉદય બુહેચા, માનસીબેન નેના, જજ નિર્ણાયક માટેની સમિતિના પ્રતિક ચાંડેગરા શીલ્ડ વિતરણની સમિતિમાં વીપુલભાઈ ગાધેર, કેતનભાઇ નેના સેલ્ફી પોઈન્ટ સમિતિના ભાવિનભાઈ કોરિયા નવરાત્રી મહોત્સવની મંજૂરી માટે સમિતિના રસિકભાઈ નેના વિપુલભાઈ રાવત સલાહકાર સમિતિમાં શ્રી પી.એ. ટાંક, ભગવાનજીભાઈ વાળા, વાલજીભાઈ જેઠવા, અતુલભાઈ વિસાવાડીયા, પ્રો. રાજેશભાઈ લાડવા સાહેબ, હરસુખભાઈ ચાંડેગરા, હસમુખભાઈ વડુકુળ, ગોવિંદભાઈ વેગડ સહિતના જ્ઞાતિજનોની સમિતિઓ બનાવીને ટીમ વર્ક કરી સફળતાની તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે આ તમામ લોકોની અથાગ મહેનત અને દાતાશ્રી ઓનો સાથ અને સહકારથી આ વિશાળ ગ્રાઉન્ડની અંદર ખેલૈયાઓને રમવા માટે પૂરતું વિશાળ ગ્રાઉન્ડ, સુંદર મજાનું લાઈટ ડેકોરેશની સાથે સરસ મજાનુ સેલ્ફી પોઈન્ટ, જ્ઞાતિજનોને બેસવા માટેની સુંદર મજાની બેઠક વ્યવસ્થા સહિત વિવિધ સુવિધાઓ કરવામાં આવી છે. આ નવરાત્રી મહોત્સવમાં જ્ઞાતિજનોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. અને રોજ રાત્રે મહોત્સવ પૂર્ણ થયાના અંતમાં પ્રસાદ સ્વરૂપે નાસ્તો આપવામાં આવશે. તો આ શ્રી શ્રીબાઈ નવરાત્રી મહોત્સવનો લાભ લેવા તમામ શ્રી સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિજનોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. જુનાગઢ શહેરના જ્ઞાતિજનોને પાસ તેમના ઘર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ છતાં પણ જે કોઈને પાસ મળેલો ન હોય તો તેવા જ્ઞાતિજનોએ સ્થળ પરથી પોતાનો પાસ મેળવી લેવો અથવા પોતાનું આધાર કાર્ડ દેખાડીને પણ અંદર પ્રવેશ મેળવી શકશો. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

"માં" માનો પર્વ અને નાની નાની માતાજી સ્વરૂપ દિવ્યાંગ બાળાઓના હાથે દીપ પ્રાગટ્ય કરી નવરાત્રી મહોત્સવને ખુલ્લો મુકાયો - વિનોદ ચાંડેગરા, પ્રમુખ

ગુજરાત સરકાર,
નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઇ-પ્રોકયુરમેન્ટ નોટીસ નં. ૦૬ ઓફ ૨૦૨૪-૨૫

(૧) કામનું નામઃ સ્ટ્રેંધનીંગ ઓફ રીમેઈનીંગ બાવરાબેટી સ્ટ્રકચર નીયર વિલેજ વડાળા ઈન પોરબંદર તાલુકા એન્ડ ડીસ્ટ્રીક્ટ.
અંદાજીત રકમ રૂા.- ૨,૨૦,૭૭,૫૩૯.૬૯

ટેન્ડર ઓનલાઇન સ્વીકારવાની તારીખ અને સમય
તારીખ- ૦૪/૧૦/૨૦૨૪ થી તા. ૨૪/૧૦/૨૦૨૪ સમય ૧૮.૦૦ કલાક સુધી

ફીઝીકલ ડોક્યુમેન્ટ પહોંચાડવાની છેલ્લી તારીખ- ૦૧/૧૧/૨૦૨૪.

ઓનલાઇન પ્રાઇઝ બીડ ખોલવાની તારીખ અને સમય
તા.૨૫/૧૦/૨૦૨૪ ના રોજ ૧૧.૦૦ કલાકે

સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રી / કાર્યપાલક ઇજનેરશ્રીનું
નામ અને સરનામુ/ ફોન નંબર .

અધિક્ષક ઇજનેરશ્રી, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ, ૨/૭, જીલ્લા સેવા સદન નં. ૨, રેસકોર્ષ રોડ, રાજકોટ ૩૬૦૦૦૧, ફોન નં. (૦૨૮૧) ૨૪૪૦૫૩૬
કાર્યપાલક ઇજનેરશ્રી, ક્ષાર અંકુશ વિભાગ, જીલ્લા સેવા સદન-૨/૨, સાંદીપની રોડ, પોરબંદર-૩૬૦૫૭૭. ફોન નં. (૦૨૮૬) ૨૨૨૦૫૦૩

આ કામની વધુ વિગતો www.statetenders.gujarat.gov.in અને www.tender.nprocure.com પર જોઇ શકાશે.
નોંધ:- હવે પછી કોઇ સુધારા થશે તો ઓનલાઇન સુધારો કરવામાં આવશે.

માહિતી/પોર/[illegible] નં ૧૫૭

